શ્રી

સંગીત

લીલાવતી.

નાટક પંચાંકી.

વેશ્યા વ્યસન નિષેધક

રચી પ્રસિદ્ધ કરનાર

અધ્યાપક કેશવલાલ શીવરામ.

અમદાવાદ — એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કિંમત રૂ૦—૪—૦

શ્રી

સંગીત લીલાવતી

નાટક પંચાંકી.

વેશ્યા વ્યસન નિષેધક.

શ્રીમન્ત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત

શ્રી દેશી નાટક સમાજને ભજવવા સારૂ.

આવૃત્તિ ૧૪ મી સુધારા વધારા સાથે.

રચીને પ્રસિદ્ધ કરનાર.

અધ્યાપક કેશવલાલ શીવરામ.

અમદાવાદ—એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૧ સને ૧૯૦૫

કિમત રૂ૦—૪—૦

શ્રી.

રા. રા. સાંકળચંદ રતનચંદ વકીલ

એકત્રીસા સવૈયા

શ્રીમાળી જ્ઞાતિ પ્રખ્યાતિ, શ્રાદ્ધ સંઘમાં છો સદ્ગ્રહસ્થ;
પાદલિપ્ત પુરની પેઢીમાં, પુન્ય પ્રતાપે થયા પદસ્થ.
ધન ધન સિદ્ધાચળ ધન રક્ષક, દક્ષ પરિક્ષક હિત ઉદાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.
રતનચંદના રત્ન પુત્રાંગ, સમતા સાગર સાંકળચંદ;
સત્યવચન અમૃતસમ ઉચરી, આપો આપ અધિક આનંદ.
લઘુ વયથી મમ ઉપર આપનો, નિર્મળ પરિપૂરણ છે પ્યાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.
વકીલ નકીલ વિચારક નેતા, વિનીત વિવેકી સુનીતિવાન;
ધરમ પ્રમાણિક પ્રૌઢ પરાક્રમી, મહાજનમાં છે મ્હોટું માન.
કવિની સંપતિના તસ્કરને, દંડાવ્યા દઈ દરબાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.

સંવત ૧૯૬૫ ના } અધ્યાપક.
અસાડ સુદિ ૨ } કેશવલાલ શીવરામ

श्री.

સંગીત લીલાવતી નાટક.

પંચાંકી.

પાત્રજન.

સુત્રધાર..............................નટ નાયક.
વિદુષક..............................મોદકાનંદ, સદાફળનો રસોઇઓ
નટી..............................સુત્રધારની સ્ત્રી
સદાફળ..............................કોશામ્બી નગરીનો નગરશેઠ
સોજલદે..............................તેની સ્ત્રી
સુમતિવિલાસ..............................તેનો પુત્ર
સ્વાર્થીદત્ત..............................સુમતિવિલાસના મિત્ર
બોધતો..............................સુમતિવિલાસના હજુરીઓ
કામસેના..............................કોશામ્બી નગરીની વેશ્યા
કપટકળા..............................કામસેનાની સાહેલી ગણિકા
કનકસેન..............................કોશામ્બી નગરીનો રાજા
સચિવ..............................તેનો પ્રધાન
સોમદત્ત..............................સુમતિવિલાસનોસસરો(સારંગપુર)શેઠને
સુભગા..............................સુમતિવિલાસની સાસુ
પાખાપારેખ..............................સોમદત્તનો મુનિમ
લીલાવતી ....સુમતિવિલાસની સ્ત્રી
સુગુણમંજરી ....લીલાવતીની સખી
લાલજા..............................સુમતિવિલાસની બેન
વીરવિલાસ..............................લીલાવતીનો પુત્ર

સ્થળ કોશામ્બી નગરી અને સારંગપુર નગર.

श्री

સંગીત લીલાવતી નાટક.

અંક પહેલો.

પ્રસ્તાવના.

સ્થળ—રંગમંડપ—મંગળાચરણ.

સુત્રધાર— શાર્દુલ વીક્રીડીત.

શ્રી શંખેશ્વર પારશ્વનાથ પ્રણમું, આપો સદા સંપદા,
કાપો પાપ અમાપ તાપ ત્રીવીધ, સેવા કરૂં સર્વદા;
હું વિશ્વેશ વીચીત્ર વેશ ભજવું, આ વિસ્તરુભી મહીં,
રીઝીને સુપસાય થાવ અમને, આનંદ દાતા અહીં. ૧

ચીતાળી ચોપાઈ.

નાટક પત્રને વેશ ભજાવ્યો, હજુ કેમ વિદુષક નાવ્યો:
વીદુ—આવ્યો વેશ રચીને વીચીત્ર, ફરમાવો હુકમ હવે મિત્ર.

સુત્રધાર— ગીતી—લાવણી.

શીવસુત કેશવ કૃત હું, "સંગીત લીલાવતી નાટક" ભજવું;
વેશ્યા વ્યસન નિષેધક આર્ય સકળને શિખળ વચન સજવું.
એમાં ખપ છે તારો, સજન હસાવા હાસ્ય વચન બોલી;
માગે શું મહેનતનું બોલ બરાબર તું અંતર ખોલી. ૪
વીદુષક— લચપચતા નવ લાડુ, નિત જમવાની ટેવ પડી મારી;
જો મુજને એ મળશે, સુત્રધાર બજવીશ સેવા સારી. ૫
સુત્રધાર—જરૂર વીદુષક જમજે, સવારમાં સીધુ મળશે સારૂં;
રંગે હર્ષ પ્રસંગે, બજાવજે તું ચતુર કામ તારૂં.
વીદુષક—આતે નાટક કે શું ભવાઈ, કૈક વહેમમાં ગયા વ્હેમ આઈ;

સુત્રધાર— ગીતી—લાવણી.

અણસમજુ સમજે છે, નાટકગાને ભવાઈના સરખી;

હશે કાચ કે હીરો, વગર ઝવેરી કોણ શકે પરખી ?
કવિવર ફીકર ન કરશે, નિંદે ઈ ખળ ઉત્તમ નટકને;
શું શેલડી સુકાશે, કરે અનાદર મરાલ સાકરને,

વિદુષક— **તીતાળી ચોપાઇ.**

સુચનાથી નહી સમજાએ, કરો અધિક વિવેચન કાએ;

સુ—વ્હાલીને લાગી કેમ હજુ વાર..............................

નટી—..............................આજ્ઞા આપો આવી ભરથાર;

સુ—નાટક દરશન કરૂં શુવિશેષ..............................

નટી—..............................કરૂં આપ પ્રમાણ આદેશ

શ્રી જગતપતિ, પ્રભુ આપ સન્મતિ—(એ રાગ)

શ્રી સંખેશ્વરા, પ્રભુ ! પાર્શ્વ જીનવરા:
તેં નિવારી જાદવોની નડતણુથી જરા,—એ ટેક
અંતરજામી વિભુ ! વિશરામી સમરી શિવપુર સાથ;
વંદુ પદ અરવિંદ વિનયથી, હું તે જોડી હાથ. શ્રી૦ ૮
જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં, ઇંદ્રપુરી અનુસાર;
સુંદર **કોશામ્બી** નગરી કહી, જ્યાં વિધ વિધ વ્યાપાર. શ્રી૦ ૯
વણીક **"સદાફળ"** નગરશેઠ ત્યાં તસ સુત **"સુમતિવિલાસ"**
"લીલાવતી" લલના તેની જે, પુરણબુદ્ધિ પ્રકાશ. શ્રી૦ ૧૦
અજબ બની આહેરણી આપે, ઓઢી કાંબળ અંગ;
વિલક્ષણબુદ્ધિ થકી તજાવ્યો, સ્વામી વેશ્યા સંગ. શ્રી૦ ૧૧
ગણિકા ઘરથી નિજ ઘર લાવી, કળા કેળવી કંથ;
સુખ વિલસી સંસારતણું, પછી પાળ્યો સંજમ પંથ; શ્રી૦ ૧૨
થયા દેવતા તેહ દંપતિ, એહનું નાટક આજ;
ભજવું ભાવ ધરી ભગવંતા, જય જય કરૂં જીનરાજ. શ્રી૦ ૧૩

વિ—જાઉ રાંધવા વખત થયો છે, શેઠ **સદાફળ** ઘેર;
સેજલદે શેઠાણી મારા, લાડુની છે લ્હેર. શ્રી૦ ૧૪

સર્વ પાત્રો—સૌ સભાજનો ઉપકાર આપનો,

પધારીને કૃપા કરી સ્વપ્નમાં સજ્જનો.　　　　શ્રી૦ ૧૫

[ઇતિ સ્તાવના.]

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સદાફળ—(રાગ ઇંદ્રસભાનો—રાજાજી તો સો ગએ. એ રાહ)

પ્રાણપ્રિયા સુણ પુત્ર આપણો, સુંદર **સુમતિવિલાસ;**
નાની વયથી નિપુણ નિવડયો, અતિ કરી શાસ્ત્ર અભ્યાસ. ૧૬
જેને મન જીનશાસન શ્રદ્ધા, સદ્ગુરૂને સંજોગ;
પ્રતિદિન પ્યારી પ્રભુની પુજા, વિરચે છે વિધિ જોગ. ૧૭

સે'—પ્રાણપતિ અતિ પુન્ય ઉદયથી, પામ્યા એવો પુત્ર;
કુળ દિપક એ દીવ્ય દીકરો, શોભાવશે ઘર સુત્ર. ૧૮
મન મોહનના મીઠાં વચનો, સુણી અમૃત અનુસાર;
એ અલબેલાને અવલોકી, સફળ ગણુ સંસાર. ૧૯

સ—જુઠું મુખથી જરી ન બોલે, પાળે હુકમ હંમેશ;
સે'—એ રૂપાળો કદી રીસાઇ, કરે ન કિંચિત ક્લેશ, ૨૦
ભાગ્યશાળી એ ભોગવશે મમ, વૈભવ વિવિધ પ્રકાર;
સ—સ્નેહ ધરીને સદા પાળશે, શ્રાવક કુળ આચાર. ૨૧

સેજલદે—(ગરબી દીપચંદી અબોલા શાને લ્યો છો એ રાગ)

શાસન દેવી કરશે સંરક્ષણ　　　　એ ટેક.
સ—વ્હાલો લાગે વિનિત વિચિક્ષણ　　　　એ ટેક.

દોસ્તી નહી દુરિજન તણી દીસે, વ્યસન મળે નહી વાસ; વ્હાલો૦ ૨૨
પણ શોખીનો એ સુધડ ઘણો છે, લાડકડો તુજ લાલ વ્હાલો લાગે.
સે'—વ્હાલા વાલમ મુજને છે માલમ, વરણાગી કરતો વિશેષ; શાસન.
સોખીન દીસે છે પણ સુત સારો, નવ અપલક્ષણ લેશ. શાસન. ૨૩
બુદ્ધિશાળી પુન્યશાળી બાળુડો, જીવજો વર્ષ હજાર;　　શાસન.

આંખોની કીકીથી અધિક છે વ્હાલો, જીવનો જીવનહાર. શા૦ ૨૪
સ—ચુઆ ને ચંદન અત્તર અરગજા, અંગ વિલેપે આપ, વ્હાલો૦
ઘોડાની ગાડીઓ નિત્ય દોડાવે, પુરવ પુન્ય પ્રતાપ; વ્હાલો૦ ૨૫
સે'—આ સરવે એનો પૈસો છે, ખુબ ખરચે ધરી ખાંત. શા૦
થાય ઉચાટ જતાં રજ આઘો, નિરખ્યાથી મુજને નિરાંત શા૦ ૨૬
સ—શ્રી જીન શાસન શોભા વધારશે, થાશે વડો વિદ્વાન; વ્હાલા૦
સકળ કળામાં કુશળ દીસે છે, મહિપતિ દેશે માન, વ્હાલા૦ ૨૭
સે'—એ થકી સુખીયાં આપણુ આહા! દીકરો ડાહાપણહાર વ્હાલા૦
સ—વાત સુપુત્રની વરણવીએ શી, વાણી થકી વારંવાર વ્હાલા૦

મો—(પ્રવેશ કરી) **ગીતિ લાવણી.**

સાહેબ સમય થયો છે, પધારીએ ભોજન કરવા ભાવે
સ—બોલાવ જા સુમતિને..
સે'—.....................અમને એ વીણ જમતા નહી ફાવે; ૨૯
મો—તેડો એમને ખાધું, સ્વારથીઆ સાથે જાશે ફરવા;
શે'—તે તારે આ ઉઠયા..
સ—..............................અમથા ધાંટા કાઢે શું કરવા. ૩૦

પ્રવેશ ૨ જો.

સુમતિવિલાસ—(ખુશ રહો સનમના—એ રાહ).
સુણ સજ્જન સંધ્યા સમય સે'લને સારૂ, ફરવા ચાલો ફાંકડા થયું મન મારૂં
ભાગબગીચામાં રોજ મોજ મારૂં છું, પણ જતું ચાલતા આજ લાભ ધારૂં છું.
સ્વા—સાહેબની મરજી એજ અમારી મરજી, આપો અંગરખું આજ
સ્વીકારી અરજી.
આવીશું પાછા સે'લ કરીને જ્યારે જમવા જાવું છે પછી શેઠજી મારે;
સુ—જાજે જમવાને કોણ તને રોકે છે.......................................
મો—..............................બેટા બાપા આગળ એમાં શું કહે છે
સ્વા—[માથાની ટોપી હાથમાં લઈ લે આ મુકીદે ફકડ પેલી પ્હેરે;
જો—..........................આ પ્હેરૂં ધોતીયું અરે શેઠજી ફેરે; ૩૧
સુ—જાવું છે ફરવા અરે અમારે ક્યને..

મો—....................જોઈતા જોઇએ તો આપ જુતીઓ એને.
જો—જઈ પેશા ઓરડે જુઓ જુતીઓ જડશે, અગરખું આનું
આજ પહેરવું પડશે. ૩૪
સ્વા—જોડા એ નાના નહી પ્હેરતાં ફાવે....................
મો—....................ક્યાંથી અકરમીના પગમાં એ આવે;
સ્વા—જોડા જોઈએ નહી પગે ઉઘાડે જઈશું,
શું કરવું શેઠને કાજ એટલું સહીશું; ૩૫
જો—લ્યો પાન બીડી પણ તમે સોપારી સાથે,
ભભકો મારી જાઓ શેઠ સંગાથે;
સ અત્તરનું પુમડું આપ્ય કાનમાં ઘાલું. ૩૬
શેઠજી બરાબર બની બજારે ચાલું;
જો - કેમ શેઠ સ્વારથીઆનો વિશ્વાસ કરે છે,
એ પ્રપંચી પૈસા પટાવી પેટ ભરે છે; ૩૭
મો - જોઇતા જોવાને આજે પાછળ જઇએ,
કરી ખરેખરી ખાતરી શેઠને કહીએ.

પ્રવેશ ૩ જો.

કપટકળા— ગીતિ લાવણી.

આમ "કામસેના" તું વિરહાનળથી વ્યાકુળ થઇ વાર;
યાર કીયો ઈચ્છે છે, અતર રાખે મુજથી શા સારૂ. ૩૮
કા—જાણી તને અજાણી શાણી "કપટકળા" શું પુછે છે?
નથી સૂઝતું કાંઇ, રે મુજને સ્મર શત્રુ પજવે છે. ૩૯
જે મેં તને બતાવ્યો કાલે ઝરૂખેથી સંધ્યાકાળે,
એ મન મંદિર આવી, પ્રેમ અગ્નિથી એન મને બાળે: ૪૦
ક—અરે ઓળખ્યો એને, વણિક જાતની સોબત શી કરી;
આપણુ સમ સ્વારથીઆ, યાર કરી ધન આશ નહીં ધરી. ૪૧
કામસેના—કાલિંગડો દાદરો. બદલ ગયે નેનારે એ રાહ;
મદન પડયો, કેડેરે (૨) ઘણી ઘભરાઈરે મદન; એ ટેક.

મન હસ્તી મસ્તીમાં આવ્યો, માવત અંકુશ ક્યાંઇરે; મદન.
કોઇ વિચિક્ષણ વિણ વિહ્વલ હું, તુજ મન ગાંડી ગણાઇરે; મદન. ૪૨
જો સ્વપને સંજોગ બને તો, પોઢું પલંગ ફુલ છાઇરે; મદન.
પણ પતિવિણ નિંદ્રા નહિ આવે, કાળજડામાં થાય કાંઇકાંઇરે. મ.
ક—બળાપો ન કર બાળારે (૨) વિચારી કાંઇરે, બળાપો એ ટેક.
ન ઘટે આપણને આ કરવું, જેનાથી જાય છે કમાઇરે, બળાપો.
કા—જોબનપુર વિષે જવાની, સ્વાર્થ સમજ તણાઇરે. મદન૦ ૪૪

કપટકળા— ગીતિ લાવણી.

એથી અધિક રૂપાળા, રાજકુંવર તુજને રાખે રંગે;
સુખ સખી શું મળશે, શેઠ સદાફળ તણા પુત્ર સંગે. ૪૫

કા—(પીલુ દીપચંદી) કહું નશીએ દુખીયો કીધો છે એ રાહ)
લાવ સખી એને મન લલચાણું, એથી અધિક બીજે જગમાં ન જાણું ટેક
મનમોહન મદને અલી મુજને, ઘાયલ કીધી છે મન ઘભરાણું, લા.
ભ્રમર ધનુષથી કટાક્ષ સરે અલી, અરરર કર્યું મારૂં કાળજું કાણું; લા.
ચતુર મનોહર ચંદ્ર વદનથી, પ્રેમની ભરતિએ હૃદય ભરાણું. લા.
સૂક્ષ્મ સુંદર સાડી સજું હું શું, ગમતું નથી હીરા મોતી ઘરાણું લા.
શુંરે કરૂં સખી સંગીત સાજને, વ્હાલા વિના ગમે ગાવું ન ગાણું; લા.
રસવતી રસિયા વિના પીરસી પણ. ઝેર જેવું લાગ્યું જરી ન જમાણું-લા.
હેમ પલંગ હુતાશન સરગો, બાળે શરીર મખમલનું બીછાણું. લા.
તો સુખદાયક શયન સામગ્રી, મનગમતાથી મદનસુખ માણું. લા.

(ઝરૂખે જોઇ) ગજલ નારીના કટાક્ષ પાસે એ રાહ.

જો સખી ઝરૂખે પેલા આવ્યા પ્રાણનાથ,
સમજાવીને લાવ્ય સ્નેહ બાંધું તેહ સાથ;
ચિત હરણ ચતુર વિના પડતું નથી ચેન,
આડી અવળી વાત બધી મુકો મારી બેન. ૪૬
લે બોલાવી લાવું બાઇ હું તારી હજુર,

એ પ્રપંચ પાસ સર્વ જાણું છું જરૂર;
પર વેચાવ્યાં કનક તણાં પાઈ વિસ વિખ;
ભલા ભલાને ભોળવી, મંગાવી ગે તો ભીખ,
કા—હાથમાં ગુલાબ છડી ચાલ છટાદાર,
જલદી જા બોલાવ મારો એ હઈયાનો હાર.
સુ—(સ્વગત) કાંઈ વાત કહી સખીને, મારી નયન બાણ;
આવશે બોલાવવા શું હરણ કરી પ્રાણ. ૫૨
કા—**રાગ સોરઠ ત્રીતાળી.** (પ્રિયા પરદેશમાં રહીઆં એ રાહ)
ઉપર અલબેલા આવો, સુંદર શા સારૂ તલસાવો; ઉપર૦ એ ટેક
બાઈ અમારી આપ વિયોગી, સુરત ક્રીડા કરીએ સંજોગી; •
અધરામૃત આરોગી, ભામિની ભોગી લ્યો લહાવો, સુ—ઉ. ૫૩
સુ—**જીલ્લો ત્રીતાળ.** હાલ અપના કહું મેં કેસે. (એ રાહ)
પ્રેમ વચન શર લી મન વિંધી, સ્નેહ સાંકળી સજ્જડ જડીરે,
તિરછા નયન કરે તન તાપે, પ્રિય ચિતવૃત્તિ કેદ પડીરે પ્રે.૫૪
આ ગણિકા મમ મન મૃગ ઘેરી, ખસવા દે નહી ગોખ ખડીરે;
સત્ય શિયળ નીતિ સંહારણ, મદન ફોજ ચોતરફ ચડીરે. પ્રે. ૫૫
કાંઈ ન સુઝે સજન શું કરવું, આપે સલાહ કાંઈ પાટ પડીરે;
સ્વા—સાહેબ શું કરવા શરમાઓ, જાઓ સુખે નહી વાત વડીરે. ૫૬
સુમતિવિલાસને તોપણ શરમાતા જોઈને) (**ત્રીતાળી ચોપાઈ**)
મારા સમજે તમે શરમાઓ, ભલે વેશ્યા ભવન મહી જાઓ;
હું તો ખાનગી મિત્ર તમારો, કાંઈ વાત નથી કહનારો,
દેશાટનને પંડિત જન પ્રેમ, અતિ શાસ્ત્રનુ વાંચવું એમ;
વેશ્યા ઘરને કચેરી પ્રવેશ, વધે ચતુરપણું ત્યાં વિશેષ. ૫૮
નીતિ શાસ્ત્રે કહ્યું નિરધાર, વેશ્યા સ્નેહમાં શેઠજી સાર;
જો - સાળે આશું ઉંધું સમજાવ્યું, એના ભમણામાં જુતુ જડાવું.૫૯
સો - વડા શેઠનું થાય વગોણું, નથી કરવું આ જગતમાં જોણું,
તાલમબાજ વસે છે તમામ, છાનો રે કાઢી નાંખશે કામ. ૬૦

વેશ્યાવાડા વટાવીને જઈએ, લબડધક્કે એને પછી લઈએ;
રસા—તમે દોસ્ત મારા જીગરજાન, વીંટી આપો આનો મેહેરબાન. ૬૧
સુ— ગીતિ લાવણી.

હીરાની વીંટી હું, લે આપું જા આંગળીએ ઘાલી;
બતાવજે બહેરાને, મલકાવી મુખ પંગતમાં મ્હાલી. ૬૨

સ્વાર્થદત્ત— ત્રીતાળી ચોપાઈ.

શેઠ સાહેબ તમને શાબાશ, અમ જેવાની પુરતા આશ;
બળિરાયથી અધિક ઉદાર, ઝટ જાઓ એમાં શો વિચાર ?
- લાલ આપ હને રજા લઈશું, થયો જમવાનો વખત હું જઈશું;
સુમ—ઠીક જાઓ મને કાલે મળજો,
બોલ્યા બોલ પ્રમાણે પળજો.

સુમતિ— (કપટકળાને) કલ્યાણ દીપચંદી.

નાના મારે એની સાથમાં જાવું, એને મુકી દેર એકલો આવું;
ક—જાઓ કીહાં શેઠ સ્નેહ જણાવી, બાવરી બાઈ અમારી બનાવી. ૬૪
હરણ કર્યું મન મુખ મલકાવી, લોચનને લટકે લલચાવી. જા.
ભરજોબનમાં મમ સખી આવી, છુરી નાંખી શુદબુદ ભુલાવી. ૬૫
ખાનપાન ગુણગાન તજાવી, સ્નેહની જાળે સખી સપડાવી. જા.
એને અનંગે આવી અકળાવી, સુરત સમુદ્રમાં સજન ડુબાવી. ૬૬
સુ—સ્વારથીઓ ગયો સારૂ લગાડી, ઇર્ષા થયો કરે વાત ઉઘાડી;
ક—લાલ ચાલ્યું જતું પ્રેમ લગાડી, આવી કળા ખોટી કોણે શીખાડી,
મદન અરિયડી આપ મુકાવી, બીરૂદ સફળ કરો જીવ બચાવી;
રસિક કુંવર રંગમેહેલમાં આવી, શાન્તિ આપો સુંદરી સમજાવી. ૬૭
કા—જંગલો જંજોટી ત્રીતાળ. સજ્જન મુખડા બતાવોરે (એ ચાલ)
પધારોને પ્રિતમજી પલંગેરે, રંગરસ રમીએ રાજ આજ પ્રિતમ (ટેક)
પ્રિય દરશન દીઠેથી દીલહર, ઉલ્લસ થયું છે આ તન સુંદર;

રોમરાઈ મમ થયા વિકસ્વર, આવો મળીએ ઉમગેરે ૨.પ્રિય ૭૦
પુર્વ પુન્ય પ્રતાપે પામી, તુજપદ સેવા સુખકર સ્વામી;
વિરહાનળથી વેદના વામી, પાતળીયા પ્રસંગેરે, ૨. પ્રિય. ૭૧
પ્રાણજીવન મમ પ્રાણથી પ્યારા, નિમિષ ન મુકું નાથજી ન્યારા.
કામ અનળ શીતળ કરનારા, આલિંગો અંગેરે. પ્રિય. ૭૨

પ્રવેશ ૪ થો.

સ્વાર્થદત્ત—ઇંગ્રેજી લાવણી. છે જન પાલક એ રાહ.)

ગણિકાના ઘરમાં શેઠ ગયા, લોપી નિજ કુળની લાજરે;
શિખામણ દેતાં શ્રીકાર, લાભ મળે નહી મને લગાર,
ઉલટા કોપે અપરંપાર, કદી બગડે મુજ કાજરે, ગણિકા. ૭૩
શ્રીમંત તણા ઘરમાં ઘુસી, ખુશામતથી કરીએ ખુશી;
અવળા ચાલે તો તસ બોગ શાથી રાખુ એનો શોગ;
અહીં મીઠાં ભાવણનો મોખ, સૌમાં આપું સાજરે, ગણિકા. ૭૪
હું ગણિકાને ગમતું બોલ્યો પણ ખરો વિચાર નહી ખોલ્યો;
એમાં આપણને લ્હાણુ, વેસ્યા કરશે ઘણાં વખાણ,
વળી શેઠને વ્હાલી વાણ. બંદા બોલ્યા આજરે, ગણિકા. ૭૫

બો—(પ્રવેશ કરીને) ઇંગ્રેજી દાદરો સુંદરી રીસાવું આમ એરાહ
સ્વાર્થદત્ત સ્વાર્થ તું તો સાધવામાં ઠીક છે,
બો—(પ્રવેશ કરીને) ઉભો રહે હરામખોર બોલ્ય શેઠ ક્યાં ગયા,
બો—[જરા ધીમે] ફાસલાની ગરથ ગાંઠે ગાંઠવામાં ઠીક છે. ૭૬
બોહતો—(રીસથી) શેઠને બગાડનાર આ ગમાર માર માર,
બોહકા—(ચાળા કરી) આમ ઇેક શું વિવેક મુકવામાં ઠીક છે,
સ્વાર્થ—સ્ની શી પડી તમારે, ન્હાસા ઉઠવું નથી.
બોહકા—લ્યો હવે જવા દ્યો મારૂં માનવામાં ઠીક છે,
બોહકા—(રૂપૈયા લઇ) તમને અમને કાંઇ અગવડ એ આપશે,
કહી વાત બાત આમ રાખવામાં ઠીક છે;

જો—અડારી એક બે જડાશી પેલી વાટી લે પડાવી,
સ્વા—(સ્વગત) એકસો અહીં શું વીટી આપવામાં ઠીક છે.
સ્વાર્થદત— ગીતિ લાવણી.

આ લ્યો બક બક મુકો, કાલે તમને કરાવશું રાજી;
જેમ થાય તેમ જોવું, ઘેર જશો જો કરશો પતરાજી,
ભોગ શેઠના બાઇ, ઉજાગરો શો એમાં આપણને;
સ્નાન સુતક નહીં આવે, દિલમાં વિચાર લાવો ડહાપણને. ૮૦
ખુબ ખુશામત કરીએ, આપ ઉદર ભરવાને ધન હરીએ;
નિજ સ્વાર્થ મુકીને શિક્ષા દેવા જઇએ શું કરવા. ૮૧

જો—આવાની સોબતમાં, બહુ છોકરા શ્રીમંતના બગડે,
સ્વા મુકય જવું જમવાને, અરે નકામો કેમ મને રગડે;
જો—ઠીક ઠીક આગળ થા હુસેશી નહી તો પુંજ થાશે,
મો—દુધપાકને પુરી, જરૂર જમાડું આજ્ય શેઠ પાસે. ૮૩

પ્રવેશ ૫ મો.

સેજલદે—(મારી આંખરે દાડમા કેમ લીજે એ રાહ)
સમી સાંજનો ગયો સુમતી સ્વારથીઆની સંગે;
સદાફૂળ—અડધી ગઇ પણ હજુ ન આવ્યો આમૂઝણ છે અંગે,
આવો કયાંથી તનુજ તારો.........................
સેજલદે..............મારો રોયો સ્વાર્થદત નથી સારો,
સ્વાર્થદત—(નેપથ્યમાં)........મને શાથી જગર વાંકે મારો. ૮૪
સેજલદે—બહાર સાદ સ્વારથીઆ જેવા.....................
બોધતો—(નેપથ્યમાં) ....હેઠ હવેલી માંહે,
સેજલદે—બોધતો પણ સાથે છે સ્વામી ....
સ્વાર્થદત—(નેપથ્યમાં)..............................મારે મોડું થાએ.
મુકી જવું છે જમવાને..................................
મોદકાનંદ—..........હજુ માર્ય વિના તું આવ્યા નહી માને

સ્વાર્થદત્ત—ચાલો આહુંછું ધક્કા મુક્કા મારોછો શાને [પ્રવેશ કરતાં]
સદાફળ—અરે એકલો તું આવ્યો ને કેને સુમતી ક્યાં છે?
મોહકાનંદ—મુકય ગપેડા તારા મુખથી, ગણિકાના ઘરમાં છે;
સેંજલદે—જુઠું શું બોલે છે જાન......................
મોહકાનંદ— ....હજુ રહ્યાં શેઠાણી તમેતો રાજા;
જોઇતો—મુકી મુકી ચુકીને કુળની માઝા........................
મોહકાનંદ—નિજ સ્વારથ સાધન સ્વારથીએ નીતિશાસ્ત્ર બતાવી;
કામસેનાની કને મોકલ્યા ભોળા શેઠ ભમાવી
સદા સેંજ—અલ્યા એવું તે હોય જાન.....................૮૭
જોઇતો—મોહ—અરે તમારા પગના સોગન, વાત છુપાવા માટે;
આ વાંટી સ્વારથીએ લીધી, અમે પડાવી વાટે;
પુઠે ગયાતા નહી માનો?..............................
સ્વાર્થદત્ત—..............વહી ગયો વખત મારો જમાનો,
સેંજલદે—કેને સાચું મારા પીટ્યા તું રહી છાનો..........૮૮
સ્વાર્થદત્ત— **ગીતિ લાવણી.**
વાઘણ મૃગને ઘેરે, એમ શેઠને ગણિકાએ ઘેર્યા;
શું મારૂં ત્યાં ચાલે પ્રેમ પાસમાં પડ્યા કામ પ્રેર્યા.
સદા-સોગત તું સુમતિની, કદી કરીશ નહી સાફ તને કહું છું;
સ્વા—વાંક નથી કાંઇ મારો...... ... .
મો—.............. રોઝ તને હું રોજ કામ દઉંછું;
સે—અરે ઘણું મેં ચાલ્યું. ગરીબ ગોલા પણ તે ઘર ઘાલ્યું;
જા કર તારૂં કાણું.....................................
મો—......................ટોળ બેસવાનું કાપ્યું કાણું. ૯૧

પ્રવેશ ૬ ઠો.

કામસેના—તાલ દીપચંદી. મોહોલે પધારો (એ રાહ)
મારો પાવન કરીએ પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
રંગ્યા રસીક રસીકાથી રંગ વિરહ દુઃખ નાથ નિવારી,

આજ ઉપજી શીતળતા અંગ મને સ્વામીનાથ સ્વીકારી. એ ટેક.
પ્રેમ હીંચોળે હીંચીઆ, સ્વામી દાસી સાથ;
મન માન્યું સુખ માણીયું; હેતે ઘાલી ગળામાં હાથ. પ્યારા૦
ચંદનતરૂ ચિતહર તમે, હું વ્હાલા થઇ વેલ;
વૃદ્ધિ પામી વળગતાં, સ્નેહ સેલડી રસથી સીંચેલ. પ્યારા૦
શરદઋતુ સોહામણી, પુરણ ચંદ્ર પ્રકાશ;
મંદ પવનની લહેરમાં, વ્હાલા વિલસો એ વિવિધ વિલાસ. પ્યારા૦
અંતઃપુરમાં એકલા, છાના રાખું છેલ;
કોક કળાને કેળવી, રમી રસીક કરો રંગરેલ. પ્યારા૦
તન મન ધન અર્પણ કરી, રંજ થઇ દીન રાત,
હાજર રહીશ હજુરમાં, પ્રભુ અન્દર પુરૂષ પ્રાતતાત. પ્યારા૦ ૯૬

સુમતીવિલાસ— કાલિંગડો ઠુમરી.

પ્રિયા મારીરે પ્રાણ થકી તું છે પ્યારી, એ ટેક.
સુંદર વદન સરોવર અંદર, નયન કમળ છબી ન્યારી. પ્રિયા૦
તું કોમળ કેમ કાળજું કાપે, મારી કટાક્ષ કટારી, પ્રિયા૦ ૯૭
ગાલ ગુલાબીએ બિંદુ બીરાજે, મૃગમદનું મનોહારી; પ્રિયા.
મંદ હસી મમ મન તે હરિયું, અમૃત વચન ઉચ્ચારી. પ્રિયા૦ ૯૮
કનક કળસ કુચ કંચુકે કસીયા, સ્પર્શ સદા સુખકારી; પ્રિયા૦
નિરૂપમ નારી તને નિરમાવી, ઉર્વશી ગર્વ ઉતારી; પ્રિયા૦ ૯૯
રોજ રહીશ તુજ સમીપ રસીલી, સજ્જન સંબંધ વિસારી. પ્રિયા૦
હાલ પિતાજીની પાસે જવાની, વૃત્તિ કરી છે વિચારી. પ્રિયા૦ ૧૦૦

કામસેના— (દાદરો કાન્તા કેમ થશે એ રાહ)

નાથ નવ કરો વાત ઘર જવાનીરે; વિરહ લાહ્ય શું વેઠાય,
નહી જવાય લાગુ પાય, દાસી છું સદાનીરે. નાથ૦ ૧૦૧
પ્રેમનો ઝરો તક મળી પીવાનીરે, સ્વામી સંગ, રમવા રંગ,
આ પ્રસંગ, છે ઉમંગ, જોર છે જુવાનીરે. નાથ૦ ૧૦૨

સુ— ફીકર પરહરો, મારૂં વચન માની, જાઉં ધામ, લેઇ દામ,
કરીને કામ, આવું આમ, શું પછે કહેવાનીરે. ફીકર૦ ૧૦૨

ધીરજ મન ધરો, તજી દઈ દીવાનીરે, મોહબાણ, પયડાં પાણ;
વિનય વાણી, લાવે તાણી, વખત પહોડવાનીરે. ફીરર—૮૭

ગીતિ.

કુ વિરહાનળથી બળતી, મુજને મુકીને નીજ ઘર જાવું;
ભોગી ભલે પધારો; ખચીત મારે આજ નથી ખાવું
સુ - ચતુર વાક્ષણ ચતુરા, ઘટે નહીં તારે ઘેલું થાવું,
તારા સમ હું ખાઉં, હરિણાક્ષી હમણા જઈને આવું.

પ્રવેશ ૭ મો.

જો—ભોપાળી કલ્યાણ દાદરો આઈ વેરી ગુડ (એ રાગ)
બાઈ પટારો કેમ ઉઘાડયો, જોઉં કુંચી બેસારી કેઈ;
સાહેબ બાપા બહાર ગયા છે, શું ? ઘુંજામાં ઘાલ્યું લેઈ. ૮૦
બધું ઘરેણું કયાં લઈ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ;
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ.
સુ—ચબાવલા તું અહીં ગયો છે પરની તારે શી પંચાત;
બસબગ્ર તારે નહી બોલવું, હમણાં પાછળ પડશે લાત.
નીચ જાત ચાકરની તારી, આખર જોડા ઉચકનાર;
આવ્ય રાંડના હવે અડાવા, બંદાતો આ ચાલ્યા બહાર. ૧૯

ગીતી.

સદા—સુમતીવિલાસ સાથે, કરે ધમાધમ અરે આમ શાથી;
જો—આ તાળુ ઉઘાડયું, હાર ઘરેણું ગયું મજુસમાંથી.
સ - **બનઝારો**—પ્રીય મીત્ર વીના હો ભાઈ—(એ રાહ)
પ્રજળે મારૂં મન પ્યારી, નીરખિ સુત ચાલ નઠારી;
સં—મેં વાત પ્રથમ નહી માની, પણ છેલાએ નવ રહી છાની.
થઈ ખરી ખાતરી મારી, નીરખી સુત ચાલ નઠારી; ૯૮
સમજી એને મેં સારો કરીયો નહી કદી દુંકારો.
એ ભુલ થઇ છે ભારી, નીરખી સુત ચાલ નઠારી ૯૯

સ— વ્હાલી તેં અધીક વખાણ્યો, અદેશો અલ્પ ન આણ્યો;
  પણ સોબત મળી ન સારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૦૦
  ઉઘાડી પુત્ર પટારો, ટંકાવળી હાર તમારો;
  કર્યો હરણ રહ્યો હું હારી,, નીરખી સુત ચાલ નઠારી. ૧૦૧
સે'—શી રીતે હું સમજાવું, રે ઘડપણમાં ગભરાવું;
  જેમાંથી થશે જુગારી, નીરખી સુત ચાલ નઠારી ૧૦૨
  કિંચીત કહેતાં કાપે છે, લજ્જા કુળની લોપે છે;
  સૌ વિનય વિવેક વીસારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૦૩
સદા—પેઢીમાં કદી ન પેસે, બધડી મમ પાસ ન બેસે;
  જાય નિત રમવાને જારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૦૪
  કંઇક ધન મિલકત મેલી, હરરાજ કરાવી હવેલી;
  નજરે જોયું મેં નારી, નીરખી સુત ચાલ નઠારી.

પ્રવેશ ૮ મો.

કામસેના—ખમાચ જીલ્લો દાદરો; આવત મોરારી (એ રાહ)
  વાલમ આવેરે [૨] આલી જોને આ આનંદ કંદ,
  નંદનંદ મંદમંદ હસી હસાવેરે. વાલમ—
  ચંદ વદન મદન મોહન નયન નીજ નચાવે;
  ચતુર ચીત ચળાવે, ઇશક અઉપધી લગાવે.
  તાપ સૌ સમાવે, ભેટું ભાવેરે. વાલમ—
સુમ—[ખમાચ જીલ્લો પંજાબી, સૈયાં છોડદે મોરી બૈયાં એ રાહ]
  પ્યારી તું છે જીવન મારી. પ્યારી— ટેક.
  લે આ હાર અમુલખ આપું, કોકિલ કંઠે ધારી; પ્યારી—
  તુજ તન વનમાં મમ મન મૃગલું, અથડાતું અતીચારી, પ્યારી—
કા—નહી ડર દીલગીરી ઉપર ફરે છે, સર્વ વીવેક વીસારી, પ્યારી—
સુ—નાજુક ઉપર નયન બાણશું, દે કે મદન શીકારી. પ્યારી—
  વેણી નાગણનો ડર મુકી, ભટકે પણ ભય ભારી. પ્યારી—

ક—કદળી જંઘે કોમળ મૃગને, પા પ્રીતી રસવારી;　　પ્યારી—
કા—પ્યારા છો મનમોહન મારા પ્યારા—　　(એ ટેક)
પીશે પ્રિતમ વદન બાગમાં, છે અધરામૃત ક્યારા,　　પ્યારા—
ક—જાય ચાય ત્યાં ચતુર નથી ડર મારગ સકળ સુધાર્યા, પ્યારા—
આ તન વન સુંદર મનમોહન, નાવે ચોર નઠારા,　　પ્યારા—
કા—મમ વૃતી હરણીથી હરશે, સહુ મનોરથ સાર્યા,　　પ્યારા—
સુ—ખમાચીની ઠુમરી-પંજાબી (પ્રીય બીના જીયા મોરાં એ રાહ)
મારી પ્યારી આ તમે ઉઠીને મુકો ઠીક,　　(એ ઠીક)
લાવતાં ઘરેણુંરે જોઇતાએ તો જાણ્યુંરે,
તાણ્યું તેણે તોય આણ્યું અગાવી અધીક—　　મારી—
ખાધી હશે ચાડીરે, ઠેઠ હું પહોંચાડીરે.
હમણા આવું જાવું જોઇએ, બાપાજીની બીક.　　મારી—
કામ—જોગીઆ આશા (જરાવો સીતમકું એ રાહ)
ખરે પ્રાણપ્યારા તજીને મને, હજી શું જવું છે પીતાજી કને,
સુ—સમજતી નથી તું જરા સુંદરી, અરે આંખ આંસુથકી આભરી,
કા—છબીલા પતી છોડનારી નથી, જુદી નહી પડે માંછલી નીરથી,
સુ—જરાવાર જઇ હાલ આવું અહીં, અધીરી ન થા સત્ય બોલું સહિ;
ઘડી એક ઘરમાં નથી ગોઠતું, નથી ચિત વેપારમાં ચોટતું,
કા—મને પ્રેમ ઓછો દીસેછે પતી, બીજી કોઇએ શું બગાડી મતી,
સુ—અરે વ્હાલી તું આમ આશું વદી......... ....
કા—.............................પધારો પલંગે જરાસ કદી.
તમે આમ બાનાં બતાવો નહિ, રસીલા વીના હું શકું શું રહી.

પ્રવેશ ૯ મો.

સેંજલદે—(રામગ્રી) દીપચંદી કુંવરી કુંવર મારા લાડકાં એ રાહ.
સ્વામી શરીર સોસાઇ ગયું, આમ કરતાં ઉચાટ,
માધવથી મટતા નથી, લખ્યા લેખ લલાટ.　　સ્વામી—

સદ્ગુરૂથી સુધર્યો નહી, સુણી સદ ઉપદેશ;
સ્વારથદત્તની સોબતે, વંઠ્યો પુત્ર વિશેષ. સ્વામી—
હાજીઓ હાજી હાજી કરે, હરતા માલ હરામ,
એણે ઉત્તેજન આપીયું, જવા ગણિકાને ધામ. સ્વામી—
ભણતુંને ગણતું ભુલી ગયો, અળગો મુકયો આચાર;
જાતો નથી જીન મંદીરે, વળી તજીયો વેપાર. સ્વામી—
ઢાંક્યું રહ્યું નહી ઢાંકતાં, કર્યો વેસ્યાએ કેર;
એક દીવસ અડવાડીયે આવે આપણે ઘેર. સ્વામી—

સદાફળ—શાને રડે છે તું સુંદરી, સમજી શાસ્ત્રનો સાર;
અમને શીખામણ આપતાં, આ શી આસુની ધાર શા—
ધરમ નીતિ તજતાં થકાં, નહી ધમકાવ્યો નામ;
સમજણ વગર સ્વતંત્રતા, આપતાં થયું આમ. શા—
સંસારમાં સુત સુંદરી, છુટા મુકતાં છેક;
પસ્તાવું પડશે પાછળ થકી, વંઠી જાતાં વિશેક. શા—
ખાલી થયો ધન ખાનગી, માગ્યું મુનીમની પાસ;
વિલંબ થતાં વઢયો તે થકી, એથી મુનીમ ઉદાસ. શા—
નિંદાએ છે નાત જાતમાં, લુચ્ચો કહે એને લોક;
હલકો પડ્યો સગા વ્હાલામાં, વીવાહ કરશે શું ફોક શા—
હાડી વીના ગયો હાથથી, હવે કરવું શું હાલ;
તેતો નથી મને સુજતું, બંધો બગડયો છે તાલ. શા—

સે— ત્રીતાળી ચોપાઇ.

ભલે આવ્યો આ અવસર ભાઈ, સાંભળજે તો તને કહીએ કાંઇ:
સુ- મારૂં આખું માહી નીજ ફોડી, એથી ઘરમાં આવું છું હું દોડી
(મારા) કરજ મારા બાપનું ભરતા, એતો નહીંદે મને અહીં ટકતા;

બોલ બોલી કરો દો બેજાર, બાપા આ ચાલ્યો હું મારે બ્હાર.
સે—શું તું આમ કરે છે તે સારૂં, નથી આપણું તો નારૂં ઠારૂં;
ડાહ્યો થઈને શું થાય છે ગાંડો, છોકરવાદી મોટા થયા છાંડો;
જક કરવી શી હમણાં જણાશે, જરા બેસ તારા પીતા પાસે.
સુ—મુકી દેને માડી છેડો મારો, નથી મુજ સમ બીજો નઠારો;
નથી રોકયો રહેવાનો તમારો, હાહા જડીછું ત્યાં તે હું જનારો
બુદ્ધિ બગડી બુઢાં થઈ બાઝો, તમે મારો મુકાવ્યો મલાજો,
સ—પથ્થર જથરવથર કયમ બોલે.....................
સુ—.....................વારૂ છો રહ્યા પથરાની તોલે.
પણ તમને ઉધાડું જણાવું, આવું દેખી હવે નહી આવું.

ગીતી લાવણી.

સે—આમ મને અપમાની, ઉઠયો આપણા કુળમાં અંગારો;
હાય હવે શું કરવું, જશે ઝુરતા જનમારો મારો.
સ—અરજ કરી રાજાને, તજાવશું વેશ્યાનું ઘર તેને:
ઉપાય હેલો એ છે, મારા સમ છે તું રડતી રેને.
સે—નથી સુઝતું સ્વામી, અરે લોચ વાળી તે જગલાડી;
જો—પખાણુ વેળા થઇ છે, ઘણી વારથી આવી છે ગાડી.

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ—[સોરઠી ગજલ કુબ્યો આજ તાપ વિલાપમાં, એ રાહ]
આજ આવી રાજ હજુરમાં, કરજોડીને કરૂં વિનતી (એ ટેક)
એક કામસેના વેસ્યા અહીં, સાચી શતરૂ તેતો મારી સહી;
સાત દિન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતી.   આજ.

કુળમાં કલંક કપુતથી, અમને જરા ગાંઠતો નથી;
એથી આપને કરૂં અર્જ, આ મુકી ભેટણું પદ ભૂપતિ—આજ
હુકમે અમારી પીડા હરી, ગણિકા કનેથી કૃપા કરી;
અમ પુત્ર અપાવીએ, થાઓ રાજની ચડતી રતિ—આજ

કનકસેન—(ભરથરી ભાતા વિચારીને તમે—એ રાહ)

સુણો નગર શેઠ (૨) સૌ સાંભળી વાત તમારી,
રાજનીતિની રીતથી અંતરમાં અમે ઉતારી.

પરંતુ ખેતર (૨) જો ઢોર આપણાં ઢેર ખાયે,
ક્ષેત્ર ધણીને શેઠજી શિક્ષા શી રીતે થાએ.

કોઇ ઘર વેચી (૨) બાવો બની વટલી જાએ,
રાજ તરફથી તેહને કહો શી રીતે રોકાએ.
વળી મુર્ખ મનુષ્ય (૨) નિજ મનની મેળે મરશે,
અપરાધી એ વાંકનો બીજો શી રીતે ઠરશે.
તમ પુત્ર એમ (૨) વેશ્યા મંદિર જઇ વસિયો,
કેમ કરીએ એને અમે જે હાડ શ્વાન સમ રસીઓ.

વળી ગુન્હા વગર (૨) ગણિકાને નવ દંડાએ,
કરીએ શું તેને કહો જે ચાલે નિજકુળ રાહે.

તમ શરમે થકી (૨) ચાલો ગણિકા ઘર આવું,
મારૂં જોર નથી જરા જો સમજે તો સમજાવું.

સચી—વેશ્યા મંદિર (૨) સ્વામી શા માટે જાવું,
હુકમ હજુરનો હોય તો એને અહીયાં બોલાવું.

કન—ના ત્યાં જઇશું (૨) અડચણ એને નહિ કરશી,
જાતે તસદી લેઇને હરકત શ્રેષ્ટીની હરશી.

સદા—મહારાજ કૃપા (૨) નિજ પ્રજા ઉપર રાખો છો,
ગરીબ તવંગરને સદા ઇનસાફ અદલ આપો છો.

વીદુ—એક છે અરજી (૨) મહારાજ તણી થી રુરજી,

સચી—ભલે વિદુષક છે હુકમ ખુશ સરત કચેરી કરજી.

વીદુષક—　　　　　ચાબખા.

અરજી સાંભળોને સરકાર, મુજને ગાંઠતી નથી ઘરનાર. (એ ટેક)
અગીયાર વાગે ઉંઘમાંથી ઉઠી, તરત તડકે જાય,
દાતણ કર્યા વિના મોખરીને મુળા, ખોળામાં લેઇને ખાય. અ૦
વાંકુ ચુકુ બોલી વઢવું ને રડવું, કુઆડ રાંડને રોજ,
ઘરમાંથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ. અ૦
પાડા પાડોશીને ડોશી ડોસાથી, લડી ચુકી લાખવાર,
પોતાના બાળકને નિત્ય બઝુકે, મારે મને પણ માર. અ૦
રાખના ઢગલામાં ફોરા પડયા જેવું, રાંડના મ્હોડાનું રૂપ;
ભૂત ભડકામણી મારે કુભારજા, ભડકી મરૂંછું રે ભુપ. અ૦
સુગરીના માળા સરખુ છે માથું, વેંત વેંત લાંબા વાળ;
ખણતા જુઓના ટોળા ખેરવે, પરસેવાની પડનાળ. અ૦
હોળી દીવાળીએ ન્હાવાનો નેમ છે, વડી ચતુર છે વહુ,
અંગે ઓઘરાળા ને લુગડાંમાં લીખો, મારવાડ કેરી મઉ. અ૦

સદા—(સ્વગત)　　　　ગીતી-લાવણી.

કૃપા કરી મહારાજા, અપાવશે સુત વેશ્યા પાસેથી,
આજ સાસરે એને, ખરે પત્ર હું લખું ખુલાસેથી-

પ્રવેશ ૨ જો.

સુભગા—　　　　(ત્રીતાળી ચોપાઇ.)

સ્વામીનાથ મારા શિરતાજ, એક વિનતી સાંભળો આજ,
બુદ્ધિશાળી લીલાવતી એની, વરવા યોગ્ય ઉમર થઇ એની.
લખ્યા પત્ર વેવાઇને વ્હાલા, એઉએ વાંચી ગાદી તળે ઘાલ્યા,
ચડયો ગરવ હાહા કરી જેમ, નથી ઉત્તર આપતા કેમ.

સો—આજ પત્ર વેવાઇનો આવ્યો, જુઓ કેવો વિચાર જણાવ્યો,
લખે છે કે લગ્ન તમે લેજો, પછી પત્ર લખીને પાઠવજો.

વાંચીને અમો વિવા આદરશું, પછી કામ બીજું બધું કરશું,
હવે કાલ જોશીને બોલાવું, રૂડા લગ્ન દિવસ લેવરાવું.
પછી પત્ર વેવાઇને લખાવું, જશ લેવાને જાન તેડાવું,
મોટી મંડપ રચના રચાવું, સુંદર ઝાલર છાટ જડાવુ.
હાંડી ઝમરૂખ તકતા બંધાવું, ઘણા મુલો ગલેચા બીછાવું,
જાનની સાથે નાત જમાડું, પ્રિયા હું શ તારી પુરી પાડું.

પ્રવેશ ૩ જો.

કામસેના—ગઝલ. (હમતો આશક એ રાહ)

કર્યું મમ ઘર પવિત્ર આજ પધારી પ્રભુ,
નમું નરવર લુંડીની લાજ વધારી પ્રભુ. કર્યું૦
સચીવજી સાથ કૃપાનાથ મોટી કૃપા કરી,
હાજર હજુર છું ગુલામ થનારી પ્રભુ. કર્યું૦

સચીવ—(રાજાની સુચનાથી) દાદરો—સમાલતેગઅદાગે—એ રાહ.

આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી, રે જરા વિચાર કરી.
વારાંગના વિચાર કરી, આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી.
પ્રાયે કપટી હોય વણિક તણી જાત ખરી,
સોબત સ્વારથીઆની કરવી તો વિચાર કરી. રે જરા—
પીરદાની સમ પવિત્ર વણીક મીત્ર વરી,
બગડ્યું એ વિના રહ્યું શું કો' વિચાર કરી. રે જરા—
પાછી લ્યોને તમે આ સોનૈયા ભેટ ધરી,
માનો મહિપતિનું વચન સુવિચાર કરી. રે જરા—

કામસેના— (ક્રોધમાં સુણો દીલ્હી તખ્ત) એ રાહ.

સુણોં સચિવજી ચતુરશુજાણુ, છબીલો છોડનાર, નથી રે. ટેક.
પૃથ્વીનાથ માગે તો આપું હું પ્રાણ છ૦

પ્રેમ ગાંઠ બાંધીછે કરી પ્રયાસ, છ. તમે તોડાવોછો શું બતાવી ત્રાસ, છ.
મનગમતાથી મોજ ન મુકાય, છ. જીવ જતાં સુધી જુદું ન પડાય, છ.
આવું અઘટીતઉચ્ચરી વચન. છ. મોટીહોળી સળગાવી મારે મન. છ.
મહારાજ મેહેર કરી કરો માફ. છ. આવો અવળો થશે શુંઇન્સાફ છ
તમે શીપારશ કરી હશે શેઠ. છ વેશ્યા પાસે લેવા આવ્યા હશો વેઠ. છ
નહી નહી આવે આપને અવાસ. છ મુકી દોને મૃગતૃષ્ણા જેવી આશ છ.

સહાકુળ—[ગરીબાઇથી] **ગીતી લાવણી.**

અરે હવે શું કરવું, પુત્ર વીજોગે ઉપજે પરીતાપ,
પાંચ દીવસ પરણાવા, કૃપા કરીને અપાવીએ આપ.

સચીવ (રાજાએ દ્રષ્ટિદ્વારાએ હુકમ કર્યો તેથી)

પુત્ર શેઠને સોંપો, રાજ હુકમને તમે માન આપી,
મન પસ્તાવું પડશે, આ જો છેલી આજ્ઞા ઉથાપી.

કા—હજુર હુકમ ઉઠાવું, પણ જો અવધી ઉપર દીન જાશે,
તો મમ મૃત્યુ થાશે, પ્રાણજીવન ટકશે પરણી પાસે.

સ—જાઓ શેઠજી શાણા, પુત્ર આવશે પ્રેમે પરણાવો,
ઘેર મંગળ ગવરાવો, લક્ષ્મી વાવરીને લેજો લ્હાવો. [જાય છે]

પ્રવેશ ૪ થો.

સ— (નારીના કટાક્ષ પાસે એ રાહ)

પ્રાણ પ્યારી લગ્ન આજે તે વધાવી લીધ,
પુન્યના પ્રતાપે થયું સફળ કામ સિદ્ધ.
જાન માંહી મંત્રી પ્રમુખ આવશે જરૂર,
પરણાવાને પુત્ર જઇશું શેહેર વારંગપુર.

સે—પ્રાણનાથ પુત્ર હમ કરી હર્ષ ભેર,
જાન જોડી લીલાવતી લાવું આપણુ ઘેર.
"બાઇ" કહી પુત્ર વધુ પડશે મારા પાય,
પુજ્ય ગણી આજ્ઞા મારી પાળશે સદાય.

સુ—"લીલાવતી" વિનયવતી સાંભળી વિશેષ,
હર્ષ સહીત નીતીશાસ્ત્ર વાંચતી હમેશ.
ચાલે સદાચરણે શ્રદ્ધા ધર્મની અપાર,
અવળી થઇ આચરે ન કદી અનાચાર.

સે—અહાહા ! ! એવી કુળમાં વધુ પરણી લાવે પુત્ર,
સોભાવશે આવીને એ આપણું ઘર સુત્ર.
માંડવામાં ખબરાં ઘણીવાર થઇ જાય,
લ્હાણી આપી સરવને હવે કરૂં વીદાય.

પ્રવેશ ૫ મો.

આનારીઓ—(સુંદર વરની ચુંદડી–એ રાહ)
લીલાવતીએ લખી મોકલ્યોરે, કાગળ પ્રીતમ પાસ,
ચાતુર આતુર ચીત થયુંરે, વરવા સદગુણી સુમનિવિલાસ,
વ્હાલા વ્હેલા આવજો. એ ટેક.

જે—નથી થયુંરે પોગળ શું પ્રકાશ, લાલા ચાલો લગનમાં. એ ટેક.

મો—ભોજન પરીનીઆપણે આશ, લા૦ ઢંકે ચાત લાડુનો સમાસ.

ગા—શરદ પુનમની પદમનીરે, ઝાંખી જોબનવતી જેમ;
દિનકર કર પીડન ચહેરે, ઇન્દુ અંતર આપથી એમ, વ્હાલા

જો—નથી જાણતી ગુણકાથી પ્રેમ. લાલા૦
મો—ક્ષુધા અગ્નિ થશે ટાઢો હેમ. લાલા૦
ગા—પરણીને સર્વ પ્રકારનારે, પુરણ કરશું કોડ,
    રામ સીતા સરખી થશેરે, જાણે "રતિ" રતી પતી સમજોડ,
જો—પણ મોટી ખોટી એક ખોડ. લાલા૦
મો—મુકી દેને ફોગટ માથા ફોડ. લાલા૦
    જોઈતા જમજે જલેબી સજોડ, જઈએ ઝટ જાનમાં.
(સેજકદેને ખારેકો વહેંચતાં ગાનારી ગીદ ગજરો ગાય છે)

પ્રવેશ ૬ ઠો.

મો—અમેતો જાનમાં આવ્યારે, અમે-આ સારંગપુર શહેરમાં ફરીએ,
    લાલ સાહેબની જાનમાં આવ્યારે, અમે-એ ટેક.
    પેંઠની પાઘડી રેશમી ધોતીયું, શેઠની ઓઢીએ શાલ,
    ભભકો લાકુ બટનો ભાળો, વાંકડા મુછના વાળ. અમે૦
    વાર લાગી ગઈ આટલી બધી, પેટની કરતાં વેઠ,
    દખણા લેવા દોડીએ અમે, પરણી ઉઠયા શેઠ અમે૦

પ્રવેશ ૭ મો.

સુભ - (પ્રથમ ગણપતીને લાગું પાયરે એ રાહ)
    આજ આનંદ આપણે ઘેરરે, ઉજળો અવસર આવ્યો લીલાલ્હેરરે,
    વાજાં વિવિધ પ્રકારનાં વાજેરે, જેના નાદથી અંબર ગાજેરે.
    લીલાવતીને લાયક વર મળીઓરે, આજ ભાગ્યે સુરતર ફળિયોરે,

માથે મોતીનો મોડીઓ ધાલીરે, જમણે હાથે રામણદીવો ઝાલીરે.
ગાતી વાતી સૈયર સાથે ચાલીરે, મોટી હુશે હતો વિવાહ મહાલીરે,
નાણું વારરસાનું આવ્યું ટાણુંરે, જુગતે નાક જમાઈ તણું તાણ્યુંરે.

મોટા મોટા વેવાઇના છે ડાબારે. એ રાહ.

મો—ચાલો ગોત્રજને પગે લાગોરે..............................
મુ—..............................વરના વાંસામાં પાપડ ભાગો.
મો—હવે દક્ષણા અમને અપાવો..............................
જો—......—......................પોચા પારેખ આને પતાવો.

સખી જોયું જમાઇ મુખ ચંદ, આજ પુંખતા પરમ આણંદ.
કન્યાદાન ઉમંગથી કરીયું, આપી વાહન ધન દીલ ઠરીયું.
કોડે ચોરીમાં પીરસ્યો કંસાર, ઘણા હેતે કરી ધ્રતધાર.

મો—જોડું અવિચળ રહેજો સદાયરે, જુગતે જાનને કરજો વિદાય.

પ્રવેશ ૮ મો.

ગીતી.

સુગુ—લીલાવતી સાહેલી, કાલ જવાની શું તું સાસરીએ,
લી—સુગુણમંજરી સારૂ, બોલ્ય ગીત ગાઇ ગમત કરીએ.
સુગુ—(હીંચોળે બેશી) સારૂં સારૂંરે સુરત શહેર-એ રાહ.

સઇયર સુખકર સંસાર, શિયળ ભૂષણ સજીએ,
એ વિણ નિગુણા નરનાર, તન મનથી તજીએ. એ ટેક.
૧૨ નર નારી પ્રેમ પ્રદીપમાં, પડી પતંગ સમાનરે,
નીજશા શરીર સળગાવી મુકે, કંઇક નફટ નાદાન. શિયળ.

અવર અખંડીત અંગ અનુપમ, નહી મળે એક નથારે,
શિયળ વીના એ સદગુણ સૌ, જીમ સોમલ સંપાક. શિયળ•
વ્યભીચારીને સૌ, સંસારી, કરે અધીક ધીકારરે,
પર મંદીર પકડાતા પડીઆ, મોટા જનને માર. શિયળ•
જાર કરમથી જેહ જગતમાં કરે કલંકીત કુળરે;
અકલમાં અંગારા ઉઠયા, ધરમ કરમમાં ધુળ. શિય•
વેર વીરોધ વધે વ્યભીચારે, નીસ્ચે ધનનો નાશરે,
શીવસુત કેશવ શિયળવંતના, દેવ સરીખા દાસ. શિયળ•

શ્રીતાળી ચોપાઇ.

સુ—બેન બેસજે પાણી પી આવું.............................
લાલબા—.......................બાજુ હમણાં જરા જઇ આવું,
સુમ—[લીલાવતીના ચીરનો પાલવ પકડી હાથોથે બેસારતાં]
એશ એશને કેમ બીહે છે, કોઇ બીજું નથી તું શું કહે છે.
લી—હમણાં આવશે મારી સાહેલી, લાલબા મુજને ગઇ મેલી.
સુ—અહીં કોઇ નથી આવનારૂં, આમ શરમાવું એ નહી સારૂં.

ગીતી.

સુભગ વેવાણ આવ્યાં, લાલ બોલ્ય કાં ગઇ બાજુ તારી,
લી—મુકો પાલવ મારો, મને જવાદ્યો મા આવ્યાં મારી.
સુ—(સ્વગત) આ મુગ્ધાથી દુગ્ધા, માત પીતાએ મુજને બાળમાડી,
માન્યું કહ્યું ન મારૂં, અરે રાંડ આ વખત થઇ આડી.
એને બોલાવાના, વ્હાલી વેશ્યાના સોસન ખાધા,
મોટી ભુલ કરી મેં, હવે કરી બોલાવાની બાધા.

જો—અસ્યા આથડે છે ક્યાં, કરી તઇયારી કોસંબી જાવા,
મો—તું જા હું આવું છું, ભરી ડાબડામાં ભાતું ખાવા.

પ્રવેશ ૯ મો.

સ્ત્રીઓ—[માતા લીંપ્યાને ગુંપ્યા મારા ઓરડા-એ રાહ.
પરણી નવરા કોસમ્બીએ પધારીઆ, વાજા વાગે જોવાને રઢ લાગે,
સાહેલડી, લાડી લાખેણી લાવ્યો લાડણો. (એ ટેક.)
ધન ધન સદાફળ શેઠને, જાન જોડી નાંખ્યા છે નાણાં તોડી. સા.
રથમાં વરવહુને ચમર વીંઝાય છે, દાસે ડાબા સેજ્રાદેના જાગા. સા.
જગલાડી વરવહુની જોડી જોઇને, બેઠી ગોખે ઉંડા નીશાસા નાંખે. સા.
બો—લાલસાહેબને સમજાવે સાનમાં, લજ્યાવેને મોતીડે વધાવે;
સાહેલડા ! ! શેઠની કુજેતીના ફાળકા.
સ્ત્રી—મોટું મહાજન સાજનમાં મળ્યું, આવી રાજકચેરી નૃપ પ્રેરી. સા

અંક દ્વીતીય સમાપ્ત.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સુમતી—ગઝલ. [હમતો આશક હે-એ રાહ]
મારા બાપે વેંમ આ વળગાડયું શો વિચાર કરી,
ઉભી ગઇ રાંડ હવે કરવું શું અહીં વાર કરી.
મારી જીવનાનનો મુજ વગર જરૂર જાન જશે,
હું તો મારે આ આફયો આ રડતી છો પોકાર કરી.

લીલા— સ્વામીનાથ સ્વામીનાથ એ રાહ

પ્રાણપતી પ્રાણપતી પ્રાણપતીરે, અહીં નથી અહીં નથી અહીં નથીરે,

(અચાનક આવો કોપ કર્યો કીરતાર એ રાહ)

અરે અહીં એકલી મુકીને મનેઆમ અચાનક ઉઠી કંથ કયાં ગયા તમે,
પેલા સમાગમે સ્વામી આતેશું કર્યું, સાંભળેલું મેં તો હતું તે સાચું ઠર્યું.
અચીંત પીયુજી ઉંઘતીજાણી ખસ્યા, આસરે જાણુંછું વેસ્યા આવાસે વસ્યા
આશ્રનીઈછાએઆવીત્યાંતો આકડા,રાંડ પણ્યાંજનાકેરપાસમાં પતીપડયા
વ્યભીચારી વર તણા પાલવ પડી, જશે જન્મારા મારોરે રડી રડી,
આ હીરા મોતીના હાર હવે ના ગમે, ઉમદાદુ કુળ મારી દેહને દમે,

ગઝલ.

મારા પતી પરવશ હવે શું કરૂં, જીવ તજું તો આત્મઘાતક ઠરૂં.
કંથનો વીયોગ થયો કરમે કરી, કુલની ચાદર નથી ફાવતી જરી.
આવીતી અમૃતપીવા, પતીની કને, ખારૂં નીર મળ્યું નહી અંજળી થને,
કરમની કથા બીજે શું કરૂં કથી, આ પીડા મટાડવાનો ઉપાય નથી.
સંકટ સહન કરે શુકુળ વધુ, શાનીએ દીઠેલું હશે એ બન્યું બધું,
પીયારૂં તેડાવી ઝટ પીયર જવું, શુંઈ રહું હવે જરા શા સારૂ લવું.

રાગ કલ્યાણ. [શ્રી જગતપતી–એ રાહ]

પ્રીય પતી તમે ઝટ આવો આ સમે,
આપ વિના વીરહ વન્હિ શી રીતે સમે. ટેક.
વેસ્યા વહાલી હતી પતી તો નતી પરણેલી નાર,
નીંદ્રા મુજને નાથ ન આવે, આપ વગર આ ઠાર. પ્રિય.
આભુષણ અંબર ભિન્નાવ્યાં, કરતાં અશ્રુપાત,
રોતાં રોતાં નથી ખુટતી, અરે રાક્ષસી રાત. પ્રિય.

મને ભાસકી સરખું ભાસે, શયન ભુવન ભરતાર;
ઝાંઝર જાણે જડી બેડીઓ, અકળાવે આ વાર. પ્રિય૦
કનક વલય કરકડી બરાબર, વરતીણુ કેદી વેશ;
આંખે લાગે આંજેલી આ, મરચાં સરખી મેશ. પ્રિય૦
નંગ જડેલી નવીન કંચુકી, બંધન સરખી બાંધ,
બહુ દુખ દેછે કામ દરોગો, હવે કરૂં શું હાથ. પ્રિય૦
અલંકાર ધમતા અંગારા, મણીધર ફુલની માળ,
મંદ પવનની લ્હેરો લાગે જાણે અગ્નિ ઝાળ. પ્રિય૦
કસ્તુરી કંકુને કેશર, રસીયા તુજ વીણ રાખ,
પતી વીણુ કોણુ કરે પરીપુરણુ, અંતરના અભીલાખ પ્રિય૦

લલીત છંદ.

કપટ હે પતી કેમ આ કર્યું, ધીરજ હું હવે શી રીતે ધરૂં,
નવ ધરી દયા લેશ નાથજી તરત આવતાં શું તમે તજી,
હરખ મુજને રે ઘણો હતો, જરૂર આજથી તે રહ્યો જતો,
જરીક વાંકમાં હું નથી હજી, તરત આવતાં શું તમે તજી.

પ્રવેશ ૨ જો.

કામસેના—કાફી જીલ્લો ઠુમરી (પીયા કારુસે—એ રાહ.)
સખી કેમ ન આવ્યા નાથહજી, હું તો જોબનથકી શણગાર તજી સખી
નીશદીન દુશમન મદન સતાવે, વાર કરે નહીં વાલમજી. સખી
પ્રાપાત કરૂં ઝરૂખેથી, વધુ વસ થઇ મુજને વરજી. સખી

કુમુદકળા— (આશીધન તોપદ્રગ—એ રાહ.)
આમ શું કરે છે આળી ગજતો ધીરજ ધર આમશું—એ ટેક.
ધરપર વર ચીત્તર, કર નજર નીરખ વર હરખભર;
મીલાપ કર કર, આમ શું કરે છે આળી રજનો ધીરજ ધર.
સમર જ્વર હર સુખ કર મનઅંતર ભરપ્રેમન ભેટી સુંદર વર;
અધર સુધારસ પાઈ પરસ્પર, કામ ક્રીડા સખી કર કર. આ.
કામસેના - (હોરી સામરો હજુએ ન આયો એ રાહ.)
ભલે આવ્યા હરશે ભરાણી (એ ટેક)
અવધી ઉપર ગઈ એક ઘડી પણ મેં જુગ માફક જાણી,
સત્યવાદી તમે શેઠજી સાહેબ, હું ગણીકા ગભરાણી
ધીરજ નહી અલ્પ ધરાણી, ભલે આવ્યા હરશે ભરાણી;
માલતી ફુલની માળા પ્હેરાવું, જે મમ હાથ ગુંથાણી.
ગજરા ગુલાબ તણા કર ઘાલુ, જોને સુગંધી સેલાણી,
અત્તર ઉંચુ આપુ છું આણી, ભલે આવ્યા હરશે ભરાણી;
સુંદર શયન ભુવન શણગાર્યું, લાલ હુતો લલચાણી,
પ્યારા પ્રેમરશ ખાઓ ને પીઓ, મન ગમતુ સુખ માણી.
યોવન મદ અશ્વ પલાણી, ભલે આવ્યા હરશે ભરાણી;
સુમતી વિલાસ—પ્રેમની પીડા તે કોને કહીએ—એ રાહ.
મોહી રહ્યો છુ મંદ હાસ્યમાં રસીલી તારા મોહીરહ્યો છું—(એટેક)
પીતાજીનાઆગ્રહથી પરણવાગયો પણ અલ્પ નહી એ સમે ઉલાસમાં
શત્રુના સમાનશાલ્યાં સરવ સગાંવહાલાં અહરનીશ તુજ રીના ઉદાસમા,
એકરાત્રી રહ્યો નહી ધરણીપરણી પાસે એકલી મુકીઆવ્યો આવાસમા,
આપણ બે ભોગ ભોગવીએ ભોગ એના મધ્યઅર જવાની એક માસમાં
તુજ થકી અધીક કોઈ વીસ્લ નથી વ્હાલુ, પ્રતી ગ્ના કરવુ પ્રકાશમા
કામીની તમે કરયું કાંઇ મને કામણ, પકડી જકડી પાડયો પ્રેમ પાસમાં
વણજનેવેપાર વ્હાલીરમ કરમ શરમ તજી ગાળવીછે વયખધીવીલાસમાં
રસીલી તારા મોહી રહ્યો છું મંદ હાસ્યમાં—

પ્રવેશ ૩ જો.

સુગુણમંજરી—કાફી છુલ્લા પંજાબી (વીધાતા ધનાઇછે) એ સદ
લીલાવતી કેમ તું આવી સાસરીએથી ઉદાસ (એ ટેક)
શાન્ત સ્વભાવના સસરોને સાસુ, વળી વર સુંદર સુમતીવીલાસ. લી.
મુજ આગળ અંતર મુકીને, મારી પ્યારી તારી પીડા તું પ્રકાશ. લી.

લીલાવતિ— **(બનઝારાની દેશિ)**
તુ સાંભળ સહીયર મારી મુજ વર વેશ્યાનો યારી,
સાસરીએ ગઇ સઉ સાથે મને નથી બોલાવી નાથે:
જી સત્ય શિયળ સંહારી મુજ વર વેશ્યાનો યારી.

સુ—આ શું ? બોલી તુ બાળા, અમથા કર્યા ચાળા.
હે ! ! ! તુજ વર શું વ્યભીચારી, તને ખમા ખમા સખી મારી

લી—સંસારીક સુખની આશે, ગઇ શયન સમય પતી પાસે.
હું નિરાશ થઇ ત્યાં નારી મુજ વર વેશ્યાનો યારી;
જાણ્યા મન મોહન માન મેં કહ્યું કેમ છો પ્યારા.
ગર્વિષ્ટ નહી ગણુગારી મુજ વર વેશ્યાનો યારી:
બીજુ બોલી નહી કાંઇ, સુઇ રહી પછી શરમાઇ;
વળી મળી આંખ ત્યાં મારી, મુજ વર વેશ્યાનો યારી.
લંપટ ગણીકાના લાલા, અરધીએ ઉઠી ચાલ્યા;
કેતી નથી વાત વધારી મુજ વર વેશ્યાનો યારી.
શું શું દુખ ભાખું સજની, રોતાં રોતાં ગઇ રજની:
ભયભીત અવસ્થા ભારી મુજ વર વેશ્યાનો યારો.

સુ—રે' છેલ છબીલી છાની દુર ગુણી મળ્યા દીસે જાની;
રો આ શી અવસ્થા તારી, તને ખમા ખમા સખી મારી.

લી—દશ દીવસ રહી સાસરીએ; મોહન નાવ્યા મંદીરીએ:
પીયું દરશન વિણુ દુઃખકારી, મુજ વર વેશ્યાનો યારી.

યૌવન વન ખીલ્યુ મારૂ, વીરહાનળથી બળનારૂં;
વીણુ મળે પ્રેમ રસચારી, મુજ વર વેસ્યાનો યારી.
આ વાત પીતાજી જાણે, તો અંતરમાં દુઃખ આણે;
મુજ માતા રડે બીચારી, મુજ વર વેસ્યાનો યારી.

સુ—માઠ—(અમૈંસામાં રેન ગુજારી સજન—એ રાહ)
અરે આવડી શું અકળાયરે, બેની સઉ સારૂ થશે;
મારા સમજે મન મુઝાયરે, બેની સઉ સારૂ થશે. (એ ટેક)
વળશે શું વલોપાત કરેથી જપને શ્રી જીનરાજ;
વાપતી વખત ધરીએ ધીરજ, કરીએ ધરમ કાજરે. બેની
રડી રડી થઇ આંખડી રાતી, કાયા ગઇ કરમાઇ;
મ્લાન દેખીને મુખડું તારૂ, મને થાય કાંઇ કાંઇરે. બેની
પળમાં દુખી પળમાં સુખી, પળમાં રાંકનો રાવ;
રંગ એવા જોઇ રાખીએ સખી, સુખે દુખે સમભાવરે. બેની
શ્રી જીનધરમ સેવતાં રાણી, સુખ મળે સંસાર;
શાસન દેવતા કરશે તારા, સંકટનો સંહારરે. બેની

લીલાવતી— (શીતાજીના મહીનાની રાહ)
સખી પરભવ પાપ અમાપ, કર્યાં હું તો આવતરી;
મને વિસ વધુના પ્રતાપ, પતીએ પરહરી. એ ટેક
હશે ભરડ્યાં સજીવન ધાન, અણગળ પાણી વાવર્યાં;
કર્યુ મુનીવરનુ અપમાન, ધરમાદાનાં ધન હર્યાં. સખી
દીધાં વિદ્યા ગુરૂજીને ગાળ, લેઇ વ્રત ભાગીયાં;
તોડી નાંખી તળાવની પાળ, જેનાં પાપ જાગીયાં. સખી
કાંતો પુન્યની ફોડેલ પરબ, કે જાન લુંટી હશે;
નીજ ધરમ તજ્યો ધરી ગરબ, સખી મારૂં શું થશે. સખી
થઇ પાપી તણી પક્ષકાર, ઉત્તમ અપમાનીયાં;

મુકી અળગો શ્રાવકનો આચાર, મિથ્યાત્વિને માનીયાં. સખી.
કુડી સાખ ભરી સરકાર, ખોટાં ખત મેં લખી;
મેરી દીન જનને દરબાર, દ્વેષે કરીઆ દુખી. સખી.
આવાં પાતીક મેં તો અપાર, કરાં હશે પુરવે;
વેશ્યા સંગી મળ્યો ભરતાર, અરે મને આ ભવે. સખી.

સુગુણ—આવો કાકી લીલાવતી બેન, ઉદાશીમાં આજ છે;
પુછે એને નથી ચીત ચેન, કે' એમાં શી લાજ છે.

શુભ—કાફી જીલો કવાલી ઠેકો (પીયાકે મીત્ર બીન એ રાહ)
તું દીલગીર દીસે શા કારણ, બોલ લીલાવતી બાઇરે (ટેક)
બોલતાં બંધ થઇ રીદ એની. લાડકડી લજવાઇરે;
વદન કમળ તારૂં કરમાયું. ફંદ પડયું શું કાંઈરે. તું.
નાની નણંદે શું અપમાની, આણીને અદેખાઇરે;
તુજ સાસુએ શું દુખ દીધું, કે જુલમી છે જમાઇરે. તું.
દશ દીવસમાં પીયર પાછી, આવી કેમ અકળાઇરે;
મારા સમ જો જુઠું બોલે, શાણી મન શરમાઇરે. તું.

લી—ખમાચી પંજાબી ઠેકો (દરશન બીન અખીયાં—એ રાહ)
આજી મુજ વાલમ વ્યભીચારી, વ્યભીચારી ગણીકા યારી મા—એ ટેક
અહીંથી જઇ વેશ્યા ઘર વસીયા, દશ દીન કાઢયા દુખકારી મા—
વાત કરી નથી મેં વર સાથે, શું ઉચરૂ આગળ તારી મા—

શુભ—જોગીઓ આશાવરી ભજન પડયોછું શ્રીખુટો—એ રાહ
ઉંડા નીશાસા નાંખતી, રે ! દીકરી દુખી (એ ટેક)

સુગુ—દુખ પોતાનું દાખતી, નથી સાસરે શુખી; ઉંડા—
શુભ—એનો કંથ કુલક્ષણો કરવો શો ઉપાય;
લી—ભોગવવી પડશે પીડા આ ભાગ્યમાં લખી. ઉંડા—
શુભ—પીયર રહીને પુત્રી તું. રટજે સદા જીનરાય
એમ શાખશું પુત્ર સમ, સમજાવ તું સખી; ઉંડા

સુગુ— (મરાઠી ચાલની સાખી)

શ્રી જીન દરશન કરવા જઇએ, શાકી ફીકર ન કાંઇ,

લીલા—ઉઠોને આદીશ્વર મંદીર, આંગી છે સુખદાઇ.

સુભ—લાડકવાઇ હું પણ આવું ન્હાઇ

લીલાવતી—સોયણી ગજલ (દાહ ઉઠી છે દુખની)—એ રાહ.

સુણ સાહેલી કરવું શું હવે શાથી જન્મારો જશે

સુગુ—તારા શિયળ પ્રભાવથી બેની; સ્વામી તુજ સારો થશે (ટેક)

વ્હાલે વાંક વીના વીસારી નળની જે દવદતી નારી;

પાછી તે પતીએ સ્વીકારી. તેમ એ તારો થશે. તારા—,

પ્રવેશ ૪ થો.

સદાફુળ— ગજલ.

આજ ભેંડ. છેક તેં છકેલછોકરા, બાપની તેં આબરૂના કાંકરા કર્યા; આ—
આવીછે દીવાળીહોળી હઇયામાં બળે; જઉં છું વહુને તેડવા પણ દાડ
શો વળે આ—

સો—સાસરામાં જાણે છે જમાઇને સહુ; માટે નહીં મોકલે વેવાઇતો
વહુ લાજ—

સ—કરવાને વીવેક લોક લાજથી જવું.........................

જો—..................આડી જોડી લાવ્યો ખોટી ક્યાં સુધી થવું,

પ્રવેશ ૫ મો.

સોમદત્ત— રાગ આશાવરી.

જમાઇના તે ગુણ કે અવગુણ જોયા નહી જરી.

સુભ—ઉંચુ કુળ હું જોઇ મોહી મુરખમાં ઠરી.

સુગુ—વેવાઇ આવ્યા તેડવાને, દુનીયાથી ડરી,

સોમ—સુધરશે જમાઇ ત્યારે. મોકલશું ફરી.

સુગુ— ત્રીતાળી ચોપાઇ.

કેણ બે તમે ક્યાં થકી આવ્યા, પત્ર પાઠવી કોણે તેડાવ્યા,

રો'ઠો શેઠ તમે કીએ ગામ, કીએ કામ આવ્યા અમ ધામ.
સ—નગરી કૈશામ્બીએ ઘર મારૂ, મારૂ નામ સદાફળ સારૂ
પુછો છો તમે વગર પીછાણે; હું તો આવ્યો લીલાવતી આણે.
સુગુ—કીહાં આવ્યો કીહાં ગડગડીઓ, કીહાં મેઘતણી પડી ઝડીઓ
કીહાં ઉદય અને કીહાં અસ્ત, એમ સમજીને મનમાં સમસ્ત
અમે ડહાપણ આગનું જાણ્યું, આવ્યા કરવા અહીં કેનું આણું.
જેમ આવ્યા તમે જાઓ તેમ, ઘેર પુછજો કુશળ એમ;
સુભ—નથી વાટમાં એહીરે કાંઇ; મારી લાડકી લાડકાઈ;
મારા મનમાં સળગે છે લાળા ....
સુગુ—..............................કાગ કહે નાંગી મોની માળા.
સદા—શું આ નકી વીચાર તમારો ?..............................
સુગુ ....હાજી ઘર ભાગી આપ પધારો.
સદા—સોમદત્ત વેવાઇ હુશે રહેજો..............................
સુભ..............................સારૂ સૌને કુશળના કહું છું.
મારી અક્કલ સૌ ગઇ મારી, વહાલી પુત્રી વરી વ્યભીચારી:
મેં તો મોટા મોટા દેખી માળ, અવિચારે કર્યું વેવિશાળ.
સો—પહેલાં કાંઇ કીધો ન તપાસ, હવે થાય શું નાંખ નિસાસ:
પાણી પીને પછી ઘર પૂછે, એમાનો ચાળળા એક તું છે,
ભાવી ભાવ હશે એવું થાશે, પુત્રીના પુન્ય પુત્રીની પાસે.

પ્રવેશ ૬ ઠો.

સુ—**જંગલો જંજોટી પંજાબી ઠેકો.** કંગનવા મોગે એ ર.હ.
ધબરામણ મને ધડકણમાં આવે છે ઘણીરે—(એ ટેક.)
લંપટ પુત્ર પાકયોરે. હું તો એનાથી થાકયોરે,
મોટું છે ઘર મારૂં, સાસરીયું એનું સારૂ;
ઘણી સમજણી વહુ છે તનય તણીરે. ધબરામણ.

ગયો લોક લાજેરે, આણું કરવા કાજેરે;
મુજને બહુ બનાવી, વહુને નહી વળાવી.
શરમાયો જહુની સખીના વચન સુણીરે, 　　　　સભરામણ.
વરસને મહીનારે, વીત્યા ઘણા કઠીનારે,
હવે ફરી હું જઈને, કાંઈક દીલાસો દઈને;
લીલાવતીને લઈને આવું ઘર ભણીરે 　　　　સભરામણ.

પ્રવેશ ૭ મો.

સુભ— 　(દશા આ શી થઈ મારી. એ રાહ.)
દુઃખી તું દીકરી મારી, શુળી સમ સાસરી તારી;
લીલા—પિયરમાં સુખપાલ પણ, કામ ન આવે કાંઈ;
શુળી સાસરીયા તણી સહન કરી સુખદાઈ.
સુગુ—ગુરૂ શિક્ષા સુણી સારી, બધી દિલમાં લીધી ધારી,
લીલા—આજનાં આવે આળ અહિ, કરો વૃદ્ધ વિચાર;
સસરા પૂજ્ય પિતા સમા, આવ્યા બીજી વાર,
સોમ—અરે વર છે વ્યભિચારી, જેથી દુઃખ ઉપજે ભારી;
સદાકુંવ— 　　　　ગીતિ લાવણી.
સમજી લીલાવતીને, હવે શેઠ મોકલશો તો સારૂં;
સોમ—આ જીવી પુત્રીને, વારે વારે શું કહોછો વારૂં.
સદા— (ભીખારે ઉતારો રાજા ભરથરી. એ રાહ.)
કુકુળ વધુ તમે સાંભળો, દુખીયા સસરાની વાતજી;
જો મન આવે તો માનજો; ભાખું છું ભલી ભાતજી.
ઉંડુરે હૃદયમાં આલોચજો. 　[એ ટેક.]
ભણતાંરે ભણતાં ભણાય છે, લખતાં ગ્રંથ લખાયજી;
મ્હેલ ઝરૂખાને માળીયાં, ચણતાં ચણતાં ચણાયજી. 　ઉંડુ.
ડગલે ડગલે ડુંગરો, ચઢતા ચઢતાં ચઢાયજી;
સાગર સમ સરોવર વળી, ટીપે ટીપે ભરાયજી. 　ઉંડુ.

ઉદ્યમ કરતાં આળસ તજી, દુઃખ દારિદ્ર જાયજી,
એમ ઉપાય આરંભતાં, સર્વ કાર્ય સધાયજી. ઉંકુ.
એથી આવી ઘેર આપણે, કરશો કાંઇ ઉપાયજી;
ધરમ પસાય થકી થશે, શાસન દેવતા સ્હાયજી ઉંકુ.

લીલા—આવારે શિખામણ આપની, મારે માથે ચઢાવું જી;
માત પિતાની આજ્ઞા લઈ, આપણે ઘેર આવું જી,
સાચુ રે કહ્યું સસરાજીએ. (એ ટેક)
આજ્ઞા આપો માત તાતજી, હવે સાસરે જાવુંજી;
મારીરે શત્રુ ગણિકા થકી, વડું વેર વસાવુંજી સાચુરે.

સો—શાણીરે પુત્રી તું સુલક્ષણી, ભલે સાસરે જાઓજી;
મારી આશિશ છે એટલી, મન વાંછીત થાઓજી,
ધરજે ધિરજ સદા દીકરી. (એ ટેક.)

શુભ—સાસરે અંન સીધાવતાં, લાગે દીલડામાં દુઃખજી;
સરવે પ્રભુનો પ્રતાપ છે, નથી સ્વામીનું સુખજી. ધરજે.
વસ્ત્ર આભુષણ વિધવિધે, કર્યાં સર્વ તૈયારજી;
વળી જોઇએ તે તું માગજે, તજી શરમ આવારજી. ધરજે.
સસરા સાસુ નાની નણંદનું, કરજે વચન પ્રમાણજી.

સો—કહેવું પડે એવું કાંઈ નથી, તું છે ચતુરસુજાણ. ધરજે

શુભ—વડીલ વિનય કરજે વળી, તજી વાદ વીવાદજી,
કરતાં ધરમ કરણી સદા, અમને આણજે યાદજી;
ધાર્યું થશે શિયલ ધર્મથી. (એ ટેક)
કંઇ કારજ કરતાં થકાં, પહેલો કરજે વિચારજી,
સંકટ સમય સંભારજે, મંત્ર શ્રી નવકારજી; ધા.
વાધ્ય શાણી સખી સાસરે, શાણા સસરાજી સાથજી,
સારા શુકન થાય આ સમે; નિશ્ચે વશ થશે નાથજી. વાધ્ય.

પ્રવેશ ૮ મો.

લીલાવતી—(સ્વગત) **લાવણી** શ્રી અજીતનાથ (એ રાહ)
રે કર્યો વેશ્યાએ કેર, ઉપજે ઝેર, વાળવું વેર, હવે શા ખા'ને;
હું કાળી નાગણ થઇ ડસું ગણીકાને.
હું કદી ખડકીએ ખડી, ઝરૂખે ચડી, જોઉં વાટડી, પડી ઘર નાવે;
શું સ્મર શતરૂ સમ થઇ મને અકળાવે;
આ જોબન રસ ઝળકાય, વસુ વનમાંય, લાલવંણુ લા'ય, ઊઠેછે અંગે;
શી યુક્તિ કરતાં મળુ શાહુણા સંગે,
પ્રિતમ પ્રેમદા પોકાર, જોબન શણગાર, હૈયાના હાર. ધરોને કાને;
હું કાળી નાગણ થઇ ડસુ ગણીકાને,
શું કરૂં સુઝે નહી કાંઇ, ઘણું ગભરાઇ, મરૂ વિષ ખાઇ, પીયુજી પાખે.
નિધણીઆતીના ઉપર નજર સૌ નાંખે.
સ્વામી વશ કરવા સાર, કર્યો વિચાર દુઝણાં ચાર, આંગણે બાંધુ
લઇ મૈયારીનો વેશ સ્વાર્થ મમ સાધુ.
મંગાવું મહીષી ચાર, જોઇ શ્રીકાર, અરે આ વાર, કહી સસરા
હું કાળી નાગણ થઇ ડસું ગણીકાને.

કલ્યાણ ઠુમરી પંજાબી ઠેકો મેંવારી બન—એ રાહ.

સસરાજી સાસુજી સુણોનેરે. (એ ટેક)

ઝીણી ત્વચાની દીર્ઘ આંચળની, મહીષી મગાવો ચાર.
ભરવાડી થઉ વેશ્યા ભુવન જાઉં, ભોળવું મમ ભરતાર.
નાની નણંદ મમ નાથ બતાવે, એ એમનો ઉપકાર.
મદીર લાવું હું મન મોહન, યુક્તિ કરીને અપાર.

સદા— તમારો વહુજી ભરુસો રે.   એ ટેક

સારા માબાપની દીકરી ડાહી, કુકૃત્ય નહિ કરનાર;
મહીષીઓ આપણે ઘેર ઘણી છે, નણંદ તમારી તૈયાર,

સૈંજ— ગજલ હમતો આશક હૈ (એ રાહ)

પેલી શું શું રાંડનું પર લાલબા ભતાર જઇ,
ભાઇને તું દુરથી દેખાડી, બેન આવ જઇ, પેલી (ટેક)
અહી બહુ વસ્તું સૌ તૈયારને સવાર વળી,
લંપટને બોલાવીને ઝટપટ ઘેર લાવ જઇ. પેલી.

પ્રવેશ ૯ મો.

લાલબા— (માહ મેરા ગમકા તરાના. એ રાહ)

વારા વેશ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ (એ ટેક)
જાઓ થાઓ મદિયારી. ભાભી અમારી, ઉભા અટારી. પેલા.
વાળીનો આંકડો વેશ્યા છે વચારી, જોજો ન થાઓ નાણું;
જાણશે તો ઝેર આણશે ઝાઝું, કરશે રાંડ રોકાણું;
જુઓ જગાની ઝારો, હાથમાં ધારી, ઉભા અટારી. પેલા.

લીલાવતી— (સ્વગત આશા ગાડી દીપચંદી)

અન્તર નહન ચાલેલો, આંતો દીસે અવર મદન—(એ ટેક)
શરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો. આ.
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉ ઝરૂખે ઝુકેલો. આ
હું નીરભાગી નાથ તજી મને, વેશ્યા આવાસે વસેલો. આ
ધન ગણીકા પરાગીતણ તુજને, પ્રિય કર્યો મમ પરણેલો. આ.
ચંદ્ર ચકોરને મયુર મેઘ સમ મુજ મન રંગ રંગેલો. આ.
મદિયારો તેણે નહી જાણ્યું, મમ છળ છેલ છબીલો. આ.

પ્રવેશ ૧૦ મો.

સભા— થાઓ તમે તય્યાર—(એ રાહ)

સહેલી સાહેલી આવો, શ્રી જીન ગુણ ગાવા, (એ ટેક)
ગણિત નર નારીને તારી આદરાજ ચાવા;
હ હરખથી પુરંદર પ્રણમે, અજર અમર થાવા. આ.

સી—મુખ મટકે લટકે લઈ તાળી, ચક્ર ભ્રમણ કરીએ;
પ્રભુ સ્તવન ઉચ્ચારીએ ફરીએ, ભવ દરીએ તરીએ. ચલ.
લાલબા—ચાલો ચાલો સિદ્ધાચળ જઇએ—એ રાહ.
સેવું સેવું શ્રીજીન સુખકારી, તન મન વચન સુધારીરે સેવું (ટેક)
અવિનાશી શિવનગર નિવાસી, ભવ પરિભ્રમણ નિવારીરે; સે.
ત્રિજગ નાયક ક્ષાયક દાયક, સમરે સુરનર નારીરે. સે.
કરૂણા સાગર દેવ દયાકર, જયજગ જગ ઉપકારીરે; સે.
શીવસુત કેશવને શિવકરની, પદકજ ભક્તિ પ્યારીરે. સે.
લીલાવતી— (નગરી પનઘટપર એ રાહ)
સ્વામીને વશ કરવા સજ્યા મેં શણગાર. સ્વામી૦
છેલ છબીલાને છળું છળ બળ કળ કરી;
લલચાવું હસી પળવાર, વશ કરવા સજ્યા મે શણગાર સ્વામી૦
મન મોહન મમ નંદન વનમાં, વાવું રતરૂ બીજ પ્યાર;
આ બોલાવે જાઓ લાલબા, ડર તજી હું જઉ દુષ્ટદાર સ્વામી૦
લાલબા—લઇ મારી તુરકાને ઘેર લઇ (એ રાહ)
લઇ માથે મટુકી મહીયારી થઈ;
રમણિક વચનામૃત રચનાથી;
કરૂં આશ લતા નવપલ્લવ જઈ. લઈ.

પ્રવેશ ૧૧ મો.

લીલાવતી—કાલીંગડો દાદરો મીઠડા ગોરસ લ્યો એ રાહ.
મીઠડું મહી વેચું મહી વેચું, અમૃત સરખું સુખકારીરે, મીઠડું.
લ્યો કોશામ્બી નર નારીરે, મીઠડું મહી વેચું મહી વેચું,
સુમતિ—(બીભાસ અઠાની તાળ વંદુ દીનપતિ એ રાહ).
આ ભરવાડણી અજબ અપાર, અજબ અપાર. દીઠી—અ—આ.
રંભા થકી પણ અધિક રૂપાળી, કે ઉર્મીલા અવતાર. આ.

શેષ સમા શિશ કેશ સુશોભિત, શશિવદની સુખકાર; આ.
શુક સમ નાકે નથની થરકે, અરૂણુ અધર નિરધાર. આ.
ચંપકવરણી એ મૃગનયની, મારી કટાક્ષ કટાર. આ.
કેસર સરખો લંક કટીનો, તુમ્બ નિતમ્બ આકાર. આ.
અંગ અનોપમ કાંબલ ઓઢી, કોકીલ કંઠ ઓકાર. આ.
એને અહીં મહી મસ બોલાવી પુરણુ બાંધુ પ્યાર. આ.

લી—અમૃત સરખું સુખકારીરે, મીઠડું મહી વેચું મહી વેચું.
લ્યો કૌશામ્બી નર નારીરે, મીઠડું મહી વેચું મહી વેચું,

સુ—મારે મહી લેવું મહી લેવું (લીલાવતીની મટકી પકડી)
આપો મટકી ઉતારીરે, મા—મહિયારી મોહનગારીરે; મા.
ઝટપટ ઘુંઘટપટ ખોલોરે મા—મહી મુખડા બરાબર બોલોરે. મારે

લી પીલુ બરૂઓ લાવણી (ગીરધારીરે વાત કહું તે એ રાહ)
મહેતાજીરે શું મહી મુલ બતાવું, ચાખો પછી ભાવ જણાવું,
મળશે નહીંરે દહી દુનિયામાં આવું, સમજુને શું સમજાવું;
(ઝુલ) જુગતિથી રોજ જમાવું, લાલન લ્યો શું લલચાવું;
ખાધા કેડે ખુશ થાવું, તક જાશેરે તો પડશે પસ્તાવું. ચાખો.

સુ—મહી મીઠુરે મેં ચાખ્યું મહિયારી, તું ગામ કીયે વસનારી;
ભ્રકુટીમારે ભુરકી ભાસે ભારી કહો નામ તમારૂં નારી.
(ઝુલ) વળી કોણુ તમારો વિહારી, સ્મિત હાસ્યથી મન હરનારી;
કે તુજ કુળ કામણુગારી, સાવિત્રીરે તુલ્ય ન આવે તારી; તું.

લી—રંગીલારે મારી જાત રબારી, છું રાજપુરે રે'નારી;
હનુઓહ્રરે મુજ સ્વામી સુખકારી, મમ નામ સલુણી સારી.
(ઝુલ) તમો વણીક વડા વેપારી, પુછી કુળ જાત અમારી;
શું વાત વિવાહની વિચારી, મન મોહનરે હું નવ પરણીત નારી છું

સુ—અલબેલીરે મારે અનંગ ઉજાળા સુણી મધુર વચન મસ્તાગા;

લી—નવ સમજુરે હું ભોળી નવ તેર, મહિંથી દુઝે મમ વેર,
(ઝુલ) મોંઘુ છે ગોરસ મારૂં, વડી વાતે બને નહિ વારૂં,
નથી લીધું કાંય તમારૂં, હું જાઉંછુંરે અતિ "રતિપતિ"થી રૂપાળા,
સુ—આ સારૂરે વાત જવાની બોલે, મમ જીવ ચડ્યો ચકડોળે;
લી—અણુઘટતારે ઘાટ તમે ઘડશો માં, આઘા રો'ને અડશો માં,
સુ—(ઝુલ) હું આવ્યો છું અલબેલી, તજ તું ઘભરામણ ઘેલી;
મહી મુલ કહો મન મેલી, શું ? હળવેરે ઘુંઘટનો પટ ખોલે-મ.
લી—રંગ રસિયારે, દુરિજનથી દિલ ડરિએ; કહો ભાવ ખરો શું કરીએ;
સુ—ગજગમનીરે, મુજથી નજર મીલાવે, નખરેથી નયન નચાવે.
(ઝુલ) કુમકુમનો ચંદ્ર કપાળે, તલ ગોર ગુલાબી ગાલે;
ચિતડું ચમકાવે ચાળે, વશ કરવારે તસ વચને અનુસરીએ,
શું દુરિજનથી મન ડરીએ,
લી—વ્હાલાજીરે શી મન વાત વિચારો, મુજને વઢશે ઘણી મારો.
મારમડારે મુદાને મન ગમતા સુંદર રાખું છું સમતા;
(ઝુલ) ઠીક છો આબળા ઠગનારા, કરો આંખ તણા અણુસારા;
મે જાણ્યા વિચાર તમારા, ધારો છો તે સ્વાર્થ નથી સરનારો—મુ
સુમતિ–ખરૂઆનો કેરબો સાડે ત્રીન પૈસે એક મોતી—એ રાહ)
કામણગારી નારી કે'ને મને વાત તારી, વાત તારીરે, વાત તારીરે
છેલ છબીલી છબી છાંકડી આ દિસે અદભુત
ગુણહિણો ગામડીઓ જુઓ, એતો ભમતો ભૂત કા૦
ચતુર વિચિક્ષણ તું ચતુરને, ઘણી મુરખ સરદાર,
ચપક વરણી કેમ ચાલે છે, ગમારથી ઘરબાર. કા૦
લી—ડાહ્યા ડમરા તમને પરની લાગે વાત પ્યારીરે, લાગે વા—એટેક
પગ હેઠળ દાવાનળ સળગે એ અવલોકો આપ;
અમને પછી શીખામણ આપો, મોહન રાખી માપ. ડા૦

ભડીમ છે ભુંડણના જેવી, આ ગણિકા ગુણ હિણ;
કેમ પ્રેમ બાંધ્યો પાતળીયા, પૂર્ણ થઇ પ્રવિણ. ડા.

સુ—દુબળી નારી ડાકણ જેવી દેખી દિલમાં ડરીએ, દી—દેખી.
જાડી લાડી ફુલની વાડી થાડી મન ગંભિર;
ગુણવંતી ગણિકા છે ગોરી..............................

લી—..............................હરે પુરૂષનું હીર.
ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખો રે,— મુખડું લાલ૦
કરે પ્રશંસા પંડિત પુરૂષો, નિરખી નાજુક નાર;
શ્યામ સલુણા સરવે સમજે, પણ અમથો અહંકાર,
અલબેલા ઉત્તમકુળ ઉપજ્યા, આ કુલટા કમજાત,
કામણગારા કેમ બને છે, વદો બરાબર વાત. ભલે૦

સુ—કાફી લીતાળ (અણમુ પદ પરમેશ એ રાહ)
મહીનું મુલ બતાવ, પ્રેમદા, પ્રેમ ધરીરે; મહી (એ ટેક.)
આડી અવળી વાત જવાદે, શો છે તુજ મન ભાવ.
શા રીતે બોલ્યા વિણ બનશે, અહીં નહી કંઇ અટકાવ;
રાખું ફેર જરીરે—મહીનું મુલ બતાવ,

લી—મહીનું કરતાં મુલ શેઠ ખોટા દેખાશો—મહી—એ ટેક.
રે અલબેલા આંખ ન મારો; હું અબળા અનુકુળ;
મોહન મહીની વાત મોટી શી, કહો તે કરીએ કબુલ;
સુંદર નહી શરમાશો, મહીનું કરતાં મુલ. શેઠ૦
એક મોહોર મટકીની આપો, આ મહી અમૃત તુલ્ય;
એમ નહી તો અમ ઘેર આવો, દહી સાટે થઇ ફુલ.
નિત મહી માખણ ખાશો, મહીનું કરતાં મુલ. શેઠ૦

સુમતિવિલાસ— બેરવી દીપચંદી
અપરીત આમ તમે શું અડાવો, મુલ બરાબર અમને બતાવો;
લી—આળ કરો નહિ વેસ્યા વ્હેમાશે, સુધેને હાથ મારો મરાશે.

હુતો અહીં નહીં આવું હવેથી, ફાંકડેરાવ શી ફોક ફજેતી;
સુ—નાહક આહક નવ ભડકાવો સત્ય વીચાર સલુણી જણાવો.
લી—કૃપણતા શેઠ તમારે તો કરી, વ્હાલી વેસ્યા તણી હે જરી ભરી
દામ વીના દહાડા ક્યાંથકી વળશે, માલ વેસ્યા મુખડાસમ મળશે
તમશમ પીયુને પ્રીયા મમ સરખી, તે જમસે મારૂ મહી મનહરખી
સુ—મ્હોર આપી લેઉ માલ તમારો, નીના એ વખતનો આંધાપેવારો
લી—હો પ્રીય પરવશ શું ઉચરોછો આણી પીણી મને ખોટી કરોછો
મનુમ વેપારમાં રેવું છે મારે, હનુમા જણુતો મને ધાકણુ મારે
વાછડાં વાટ જોતાં હશે મારી...... ....
સુ—..............................કંઈ મનમાં નથી આવતું નારી;
લી—રીસ ન કરશો જરા પણ રમીયા, વલ્લભ હૃદય કમળ મમવરીયા
આપનો બોલ કદી ન ઉથાપું, એમને એમ હુ આપને આપું;
વ્હાલા નથી મહી તમથી વધારે, ભાવ પરી કરૂં ભેટ અ...રે
કાસ—　　　　(સુંણો દીલી તખત એ રાહ)
ઉઠ૫ ઉઠપ અલી જાને તારે ઘેર, ધુતારી ધુતવાને આવીરે (એ ટેક)
તારા પ્રપંચની જાણું મેંતો પેર, ધુતારી ધુતવાને આવીરે
તારા તાલ મેં છા...બેયા છીનાળ, ધુ—જલદી જાને નહીંતો—
બનીશ બેહાલ, ધુ—
વદી મીઠાં મીઠાં કપટ વચન, ધુ. કરે મલીન મેંતાજી તણું મન, ધુ
ખોટી બુદ્ધિએ આળસ અહીં ખાવ, ધુ. એતોમાંટી તારાઠગણાં શું થાય ધુ
તને દીઠી દાઝ આવે દગાખોર, ધુ એક મટકીની માગે છે તું મહોર, ધુ
તારૂ ખોકણ થયું ખૂબ પ્રકાશ ધુ હવે આવીશ નહીં મારે આવાસ ધુ
લીલાવતી—[ખુબ ક્રોધમાં આવીને જુસ્સાથી]
ઉઠપ કોણ રાડ તુ મને કહેનાર, નફટ ફટ ફટ તનેરે,
તારા દાકડા વેચી કર બજાર, નફટ ફટ ફટ તનેરે, (એ ટેક).
લેતા નથી જરાએ તને લાજ, ન. રંડ પાપણી કરેછે પતરાજ, ન.

આખા મુલકનો અલી તું ઉતાર,ન દુષ્ટા તારાથી હું નથી ડરનાર,ન
પૈસાવાળાને તમે બતાવો પ્યાર.ન. ખાઇ ધન તન કરોછો ખુવાર; ન.
તારે ઘેર કંઇક પડી રહે ગમાર, ન છેડાવાળી રડે એની નીત નાર ન.
અરે તને અવલોકી થાય અંધ,ન.તેથી તોડે સગા સજન સબંધ,ન.
કેનાં વેચાવી ઘરેણાં ઘરબાર, ન. કેને દગે કર્યાં દુનીઆની પાર, ન.
રમે તમારાથી જે પુરૂષ જાર, ન. એતો જગતનું એઠું જમનાર.ન.
તારી ખચીત ખલક ખુંદે ખાટ,ન. તારૂં તન તેતો કુતરાની ચાટ;ન.
તારી સોબતે જુગારી ચોર થાય, ન. કેદી થઇ દરબારમાં ઘેરાય. ન.
ઘણા ગણીકાના ઘરમાં જનાર. ન, કરે મધુપાન મુકી કુળાચાર;ન.
તું તો માંડી નવા નવા કરે નીત ન તારી ખોટીછે પીતળજેવી પ્રીત,ન.
તને અડતાં મનુષ્ય અભડાય, ન. તારા સંગથી નરકે નર જાય, ન
અરે નથી મારે તારી ઓશીયાળ.ન.કેમ ખોટું બોલે ખુટયો તારોકાળ,ન
રાંડ આવીશ રશીક કને રોજ, ન. તારા સમત ઉપર મારૂં મોજ, ન.
મારૂં ફોડી નાખજે તું હૈયાકુટ,ન. હાહા મારા આ માંડીછે માથુકુટ,ન.
તને જોતાં ઉપજેછે મને ઝાળ,ન. જ ખમારનારી જુઠું મુકયું આળ;ન.
કા—ભુંડી રાંડ નીચ જાત ભરવાડ, ધુતારી ધમકાવે મનેરે;
અહીંથી તારી મહી મટકી ઉપાડ ધુતારી ધમકાવે મનેરે.
સુ—બસ બસ રાંડ ઝાઝુ નહી બોલ આવીરે તારૂં આવી બન્યુંરે,
હાથે કરી તેં તો ખોયો તારો તોલ, આવી રહે તારૂં આવી બન્યુ રે.
સુ—જંગલી જંઝોટી પંજાબી ઠેકો.ડાલેરે જોબન મદ એ રાંડ
માકુ લગાડો તો મારા સમ છે સલુણીરે.
નથી આ નફ્ટમાં બે બદામની ગુણીરે,
વચમાં બોલાવ્યા વિના બોલી વઠકારીરે,
નીચમાં તું નિચ વેસ્યા નિર્લજ નઠારીરે;
પ્રમસિના—આમ ઉપરાણું લઇ મને ધમકાવોરે.

એકનાં અનેક કર્યાં એને ના અડાવોરે. 　　આ.
આટલાં વરસ આણ્યા આપની ઉઠાવીરે;
મને અપમાની તમે શરમ ના આવીરે. 　　આ.
મૈયારીનું મુખ દેખી પ્રીતિ પલટાવીરે,
વણિક જાતીની ખરી ખુબી આ જણાવીરે; 　　આ.

સુ—નક્કી માર ખાવાનું થયું છે મન તારૂં રે,
જાને છાની માની ભુંડી માની કર્યું મારૂંરે. 　　આ.

લી— 　　[એસી ચતુર નાર, એ રાહ]
મહી બહુ વેચાય, અહીં નહી આ ાય અપમાન થાય;
મ્હોરો સદાય, ક્યાંથી અપાય, નિચ આધીન નગીના. મહી,

સુ—આમ ચતુર નાર, કરી પુરણ પ્યાર, ડર નવ લગાર;
નિત્ય આવ્ય દ્વાર, લે મુક્તાહાર, વળી આપીશ દાગીના. આ

ભૈરવી—દાદરો, (ધન કાયકી સેજરીયાપે રાત રહો. એ રાહ).
આજ રંગમાં રસીલી પ્યારી રાત રહો, વીશ મ્હોર કાલને પ્રભાત લહો આ.
કટુક વચન કુલટા નહિ બોલે, આટલું સલુણી સુજાત સહો. 　　આ.

લી—બીહાગ ત્રીતાળ [નભાવો બાંધ્ય મહેકી આજ એ રાહ]
નગીનારે, નેહ નજર કરી આજ, (એ ટેક.)
જોબન ભુપણ છો મમ જીવન, તમને કર્યા શીરતાજ. 　　ન.
ઝેર જેવો હનુઓ હવે લાગે, નવ ગમે તસ ઘરમાંજ, 　　ન.
પણ રાત્રી રહેતાં અહીં પ્રિતમ, અજડ બગાડે કાજ. 　　ન.
ચોરી જારી ને વળી ચાડી, છે છાનીમાં મઝાજ, 　　ન.
રસ લાગ્યો રંગરસ રમવાને, મ્હોર મળે રસરાજ. 　　ન.
અહનિશ હું આધીન અલબેલા, પણ નડવાની પીડાજ, 　　ન.

સુમ—રે ગણિકાને હું નહી ગાંઠું, મનથી કરે છો મીજાજ, 　　ન.
લે આ વચન તન મન ધન તારૂં, નથીરે ડરવાનું કાજ ન.

લી—હું પણ કોલ કરાર કરૂં પતી, આવીશ નિત્ય અહીંયાંજ. ન.
હું ભલે ભરૂઆડણ સરજી પુરવ પુન્ય ફળ્યાંજ.

અંક તૃતીય સમાપ્ત.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સુ— (વંદના વંદના વંદનારે, એ રાહ)
મલપતિ તલપતિ રતિમતીરે, રતિ આકૃતિ રતિ નથી વિસરેતી (એ ટેક)
તે નવોઢા આરપાર હૃદયમાં ઉતારી, સજગી ચપળ ચક્ષુ ખરચી ચમકતીરે ૨
સુખદાયક મમ લાયક લલના, જન્મી એ આહેર નાતીમાં જતારે ૨.
વેતરે ઉંધુ શું આમધિઃકતને વિધાત્રી, સલુણી હનુઆનેજોગ શું હતીરે ૨.
રાધિકા સમાન માન એ મને બતાવે, ક્યી કૃષ્ણ જેવી હું કરૂ કૃતીરે. ૨.
રૂમકઝુમક કરતી હમણાં આવશે રસીલી,મીઠડું મહીવેચું મુખઉચરતીરે.૨.
પ્રેમપોથી પઢી પૂરી પદમણી પ્રવીણએ, ગણિકા ગમારમાં નથી ગતીરે.૨.

કામ— (ઓધવજી સદેશો કહેજો શ્યામને, એ રાહ).

કરમ તણી કથનીરે ક્યાં જઈને કરૂં,
દીલડામાં સળગે દાવાનળ દુઃખજો,
ભરવાડણ વેરણના ભંભેર્યા થકી,
શેઠ જુએ નહીં સ્નેહે મમ સન્મુખજો. કરમ.
મોજ મઝા માને છે મારા દેખતાં,
લાજ ન આવે નિર્લજને લવલેશજો:
હરનેશ એ બે જણ રે'છે આનંદમાં,
કલેશ વિશેષ મને ઉપજે હમ્મેશજો. કરમ.
છેદે છે મહિયારી મારો છાંયડો,

કર્યો કંથ વશ કરું હવે હું કેમજો;
બહુ બોલું તો સાડાબાર વરસ તણો;
તુટી જાય તરત પ્રીતમથી પ્રેમજો,		કરમ.
ખાલી થયો ખજાનો ધન ધુતી ગઈ
બે મટકીની લે છે નીત બે મોહોરજો;
છાનું ધણુંએ આપ્યું મુજને છેતરી
જાણું પણ જરીએ નવ ચાલે જોરજો.		કરમ.
શુ સમજાવું સમજાવ્યા સમજે નહીં,
છાલ ન છોડે પેલી છટક છીનાળજો;
કિંચિત કે'તાં મુજને ઉઠે મારવા,
કે'છે દે છે અમને ખોટું આળ જો.		કરમ.
એ બે જણને હું તો ઘરમાં એકલી,
ડાહ્યા પોતે મુજને ગણે ગમારજો,
હવે કરું શું હાય! નથી કાંઇ સુઝતું.
આહેરણને આધાન મારો યારજો		કરમ.

કપટ—**કુમરી પંજાબી** (અચરા પકર મોસે કરત. એ રાહ)

પ્રિય તું ન રડ કંઈ કર ઉપાય, જેથી વિકટ સંકટ ઝટ જાય
મારી સજની		પ્રિય.

કા—એ છે નફટ નીડર નટખટ નથી નભતુ, કપટ કાંય.
બોકી ખટપટ લટપટ નવ ખમાય,
મારૂં વિકટ સંકટ કયમ જાય.		મારી,

કપટ—પ્રિય તું ન રડ કંઇ કર ઉપાય,જેથી વિકટ સંકટ ઝટ જાય મારી

લી—અમૃત સરખું સુખકારીરે, લ્યો મનમોહન મહી લાવી.

કા—**પરજ સોરઠણી** (મગ ચલત કાનસુ એ રાહ)

હજુએ નવ આવતી અટકી, કેમ કરું જશે કાળજું ફટકી,

નથી હઠતી ચટકી મટકી; હજુએ નવ આવતી અટકી;
હૃદય નયન રજકણ સમ ખટકી, છેલ જશે છટકી ઝટકી, હજુ૦

લી—કાલીંગડો (સિદ્ધાચળ શીખરે દીવોરે એ રાહ)

લી—અમૃત સરખું સુખકારીરે, લ્યો મન મોહન મહી લાવી,
મનમાં બળે વેરણ મારીરે, લ્યો મન મોહન મહી લાવી,

સુ—તુજ દહી દુધ છે ગુણકારીરે, આવો મૈયારી મારી,
જગ વહુ રહેશે જખ મારીરે, આવો મૈયારી મારી,

કામ—લીધી લખમી મમ લુંટીરે મૈયારણ વેરણ મારી,
થાકી હું માથું કુટીરે, મૈયારણ વેરણ મારી;
બની હાથ તમારે બાજીરે, મૈ. માગે છે મહી મેહેતાજીરે મૈ.

લી—મીઠડા લ્યોને મહી મીઠું રે, કાળજડું ઠંડુ થાશે,
આતો નથી અવર અજીઠું રે, કાળજડું ઠંડુ થાશે,

કામ— (દેખી તારી વફાદારી એ રાહ.)
તું પાછળ પડી મારી, હું તારાથી હારી,
મેં તારૂં શું બોલ્ય બગાડયું, નિત્ય આવી મમ દ્વાર
ભરમાવી મુજ ભરતાર, પડાવે ખાર, રીતશું સારી, હું.
જીવન તુજ મહી વિણ નથી જમતા, તે તુજ કને તૈયાર,
નથી ઘરમાં એક દીનાર, આપ ઉધાર, ગણી શાહુકારી.

સુમ— (બીદીયાં લે ગઇ મારીરે મછરીઆં એ રાહ)
શું કુટિલા તું હજી રહીરે કકળતી,
એ અધિરા કેમ આપે ઉધારેરે,
સારી શાહુકારી તારી અહીરે અસલથી કુટિલા

લી—ગજલ—(હમનો આશક હે તારે—એ રાહ)
હશી વશી કરણ કરી, ભાન ભુલાવી લાલા,
હર્યાં મમ પ્રાણ નયન, બાણ લગાવી લાલા હશી

વળી પરિપૂર્ણ અરસપરસ જીહાં પ્રેમ પ્રિતમ;
હ્યોને કોણ માત્ર મહી મેં લાજ લુંટાવી લાલા. હશી.
આપું બેની ચાર મટકી આજ ઉધારે વ્હાલા,
વધારે ન હોય જ્યાં આધિન બનાવી લાલા. હશી.

કામ—ગુસ્સે થઇ **ભેરવી દાદરો.** [પ્રિયા પાપી ન જાગે રે એ રાહ]
મહી નથી લેવું જા ઠગાઇ તારી રે, જા ઠગાઈ તારી એ ટેક
મીઠું મીઠું બોલી ખાઇ ગઇ ફોલી કપટ આ કેવુ રે. જા,
સરવ સફાઈ તુજ સમજાઇ, ઉભું ન રહેવું રે, જા.
શેઠ વેચાશે, પણ મહી ખાશે, ક્યાં દુઃખ કહેવુ રે જા.
નિજ ઘર ખોયું, જગમાં ન જોયું, મમ પ્રિય જેવું રે. જા.

સુમ—ભેરવી ત્રિતાળ (દતવિના ન પમાય એ રાહ)
આ જમવા અભીલાખ, સરસ મહી આ જમવા અભિલાખ એ ટેક
માંખણથી પણ અધિક મિષ્ટ છે, ધિક આ આગળ દ્રાખ. સ.
આના તુલ્યે કદી ન આવે, સાકર આંબા સાખ. સ.
આ અમૃત સમ ગોરસ આગે, દાય નહી દુધપાક. સ.
મહિયારી નિત આવે મંદિર, દીસે દીવાળી લાખ. સ.
તું ઈર્ષા અગ્નિમાં અમથી, ખુબ બળી થા ખાખ; સ.

કામ—(ભેરવ મન મોહન મોરલીવાળોરે એ રાહ)
મુજને ભીખ માગતી તેંજ કરી, મુજને ભીખ માગતી તેંજ કરી
તેંજ કરી ધનમાલ મતા હરી, દીલડામાં નવ લેશ ડરી, મુ.
ના કહેતાં નિત નિત ઘર આવે, જા તુજને નથી શરમ જરી, મુ.
કામ નથી ઘરમાં તમ કેરૂં, આ હું સત્ય વચન ઉચરી, મુ.
નકટાં થઇ કદી પગ નવ દેશો, મમ ઘરમાં ફટકેલ ફરી, મુ.
આજ થકી કરો અદીઠ તમારૂં, હું ખોટી આ રાંડ ખરી. મુ.

પ્રવેશ ૨ જો.

લીલા—સીંહાનો કનરો—દીપચંદી,(તારણી તુજથી એ રાહ.)
પ્રાણજીવન પુંઠે પુંઠે પધારો, અહીં છે એકાન્ત આવાસ અમારો,
કામ ક્રીડાપતી હરનીશ કરશું, સાહેબ વનિતાની વિનતી સ્વીકારો,
મુજ ઘરમાં નથી લક્ષ્મીનું લેખું, વ્હાલા વિલાસીને વ્હાલ વધારો,
સુ—તું જોબન મદમાતી મહિયારી, મેં તો દીઠી તુજ નિપુણતા ન્યારી.
કુ ઉતમ કામ આવું અધમ ઘર, જગતમાં આબરૂ જાય અમારી,
છાની રાખું તને છેલ છબીલા, જાણીએ છે બધી જારી વિજારી,
લી—લાયરી લાલ જવાદો તમારી હું ગણિકા થકી નથીરે નઠારી,
હનુઆ ઉપર હવે હેત ન આવે અમ ઘર આવો અરજ અવધારી,
સુ—જાણ કરીને જગતમાં શું કારણ, હું મધુકર તું તો માલતી મારી,
લીલાવતી—(પ્રમાણિકા છંદ અથવા ઇંગ્રેજી રાહ.)

જરી ન કોઇ જાણશે, મનુષ્ય સૌ વખાણશે,
પિયુ ઘર પધારીએ, સુકીર્તિ વધારીએ.
ઉચાટ અંગના ટળ્યા, સુભાગ્યથી પતિ મળ્યા,
પરસ્ત્રીઅંગના વિસારીએ, પ્રભૂ મને સ્વીકારીએ.

પ્રવેશ ૩ જો.

લીલાવતી— પીલુ બરૂઆ દીપચંદી

આપ કૃપા કરી અમને ઉગારો, બળતી અનંગ અનળ થકી ઠારો. ટેક
આપે તજી ગણિકા કુલટાને, હનુઆ ભુલાનો મેં નેહ નિવાર્યો, આ.
ભૂત માફક ભમતાં ખટ માસે,અહીં તો અહીંતો ખોળી આવે બિચારો. આ.
નિર્ભય રહો મમનાથ નગીના, આપના ચરણ કમળ ચાંપનારો. આ.
રતિ અંતર રસિયા રમે રાખો, વિવિધ પ્રકારથી લાલ વિહારો, આ.
પ્રસન્ન કરું પ્રભુ પાય પલોટી, મહી માંખણ થકી શરીર સુધારો. આ.

ભોગવો સ્વર્ગતણાં સુખ સ્વામી, હુકમ કદી નહી તોડું તમારો. આ.
વિનય સહિત પુછું તમને વાલેશર સંશય ટાળીએ એક અમારો. આ.
સુ—ઉત્તર આપીશ એનો બરાબર, સ્નેહસહિત અકળેલી ઉચારો. આ.
લી—સોરઠ જીલ્લો તીતાળ. છાડદે લંગરવા મુરખ મોરી [એ રાહ]

માથાના મુગટ મારા પરણ્યા કે કુંવારારે,
શાને માટે આપે સગાં વ્હાલાંને વીસાર્યારે;
ક્યાંછે ક્યાંછે ક્યાંછેરે, સંબંધ તમારો સાચું બોલો સમમારારે. મા.

સુમ—પવિત્ર પુણ્યાત્મા છે માવિત્ર અમારેરે,
વેશ્યાની સોબત તજ્યા વગર વિચારેરે—૫—
આ નગરીમાં એહ વસે છે, વનિતા પિયર વસેલરે,
વનિતા વનિતા વનિતારે અનુંપમ આકૃતિ એની તારે અનુસારરે. પુ

ત્રિતાળી ચોપાઇ—કાલીગરો દીપચંદી.

તારા જેવી એ દીપતી દેવી સર્વ સુંદરના તુજ જેવી,
હતી ઊંચી તારા જેવી એનો, લટકે મટકે સમ તનો.

લી—હુંતો એને પતિ ઓળખુંછું, નિત મહી વેચવાને ત્યાં જઉંછું.
સારંગપુર તણા શેઠની બેટી, નામ લીલાવતી ગુણ પેટી,
પ્હેલી વાત સુણી એની પાસે, આપને પુછ્યુ આજ ઉલ્લાસે.
મારી સૈયર શિયળ સોભાગી, દેખી અવગુણ શો તમે ત્યાગી,
આપને ઘટે કરવું ન આવું, કોંતો એહને અહિયાં બોલાવું.

સુ—સુતો સર્પ જગાડીએ શાથી, અતિ અડચણ થાય એમાંથી,
તું છે સૌ સુખદાયક પ્યારી. એનું કામ નથી અહિં નારી,
નિત ભાવતાં ભોજન કરશું, રસ રંગમાં આપણ રમશું,
મળ્યું છે મન આપણા બેનું, અહિં શું છે પ્રયોજન એનું.

લી—આવું કરીએ નહી મન કાચું, સાંભળોને કહું સાચે સાચું;

પ્રિય પરણ્યા તમે મારી સાથ, એતો યાદ લાવો પ્રાણનાથ,
ચઢી ચોરીએ હાથ દબાવ્યો, નખ દેઈને નેહ જણાવ્યો,
તમ સાથ હીંચોળામાં હીંચી, ખશીયાણી પાડી ચીર ખીંચી,
લાગે આટલું તમને અધુરૂં, કોહોતો બીજી નિશનીઓ પુરૂં,
મને અડધીએ એકલી મુકી, ગયા ચતુર પતિ બધું ચુકી,
સુ - થઉં વિસ્મય સાંભળી વ્હાલી, મળ્યા દંપતિ ક્રોડ દીવાળી;
કર્યો કેમ મહિયારીનો વેશ, નવ જાણ્યું કપટ લવલેશ.
પ્યારી તારો છે પુરણ પ્રેમ, પહેલા આવી કહ્યું નહીં કેમ,
લી—મેં તો જાણ્યું રસિક રીસાળ, પાસે વેસ્યા વિષય વિષ જ્વાળ,
એથી મહિયારી સ્વાંગ ધરીને, તમને વશ કર્યા કપટ કરીને,
સુ—સત્ય વાત સકળ પ્રિયા તારી, મારી અક્કલ ગઈ હતી મારી,
મારી રસમ સરવ તેં સુધારી, ધન્ય ધન્ય પતિવૃતા નારી;
વેસ્યા લંપટ હું લજવાઉં, તારા ગુણ હું કેટલા ગાઉં,
મારા કુળનું કલંક તેં કાપ્યું, તને અધિક સાબાશી શી આપું,
લીલા— (સુણ ચતુરસુજાણ, પરનારીની, એ રાહ)
મનહર મળતાં, મેં મનગમતું સરવે સુખડું માણ્યું;
જગમાં જોતાં સ્વામી સમાગમ સુખ અંતર ન જાણ્યું. ટેક.
શીરતાજ તમે વેસ્યા ત્યાગી, ભાવટ આખા ભવની ભાગી,
પતિ પુર્વ પુન્ય દશા જાગી. મનહર.
ઉગ્યો સુવર્ણ સુરજ આજે, મમ વિજયતણા ડંકા વાજે,
દુશ્મન દેખી દિલમાં દાઝે. મનહર.
જીન વચન સુધારસ ચિત્ત ધરશું, સાતે ક્ષેત્રે ધન વાવરશું,
પ્રતિદિન પ્રભુની પુજા કરશું. મનહર.
પિયુ માત પિતા પાગે લાગો, માફી અપરાધ તણી માગો,
સંસાર તણો ચલવો સાગો. મનહર.

પ્રવેશ ૪ થો.

સુમ—બીહાગ ગજલ (પારસ પ્રભુ દેખકે એ રાહ)

પિતા માતા ક્ષમા માગુ. ઘણો લાજી પગે લાગુ,
નીતિ પર લક્ષ ના દીધું, અઘટતું કૃત મેં કીધું,
દયા કર માત તું મારી, અવજ્ઞા મેં કરી તારી;
રહ્યો નહી કોઇનો વાર્યો, ઉઠયો હું કુળમાં અંગારો;
થયો ગણિકા તણો યારી, રહ્યો દિન રાત હું ભારી;
અરે સૌ લોકમાં લાજું, હવે પસ્તાઉં છું ઝાઝું.

સદાફળ— જફાવો સીતમકુ સન્નવાર હું—એ રાહ.

થવાનું હતું તે થયું દીકરા, હવેથી તમે ચાલજો પાસરા;
તને તેડી લાવી વહુ ડા'પણે, અતિ હર્ષ આજે મળ્યા આપણે;
લી ગયું વિઘ્ન સૌ વૃદ્ધના પુન્યથી, નમું પાય હું મસ્તકે ભાવથી,
સદા—બહુ બુદ્ધિશાળી વહુ તું મળી..... ....
લીલા—...................અહો આપ આશીષ આનો ફળી;
સે'—શિયળ સાચવ્યું તેં પ્રિયા સુતની, વધો વેલ તારા થકી કુળની,
વધુ શું વદુ ગુણ તારા વધુ, તને ધન છે સુખ આપ્યું બધું,
અચળ તારૂં રહેજો સુહાસણપણું, સદા સુખમાં જીવજે તું ઘણું,
ફળા કેળવી લાવી તું કંથને, થજે પુન્યશાળી સુપુત્રી તંા.

પ્રવેશ ૫ મો.

કપટ — જીલ્લા ગજલ.

આજછે ઉદાસઆંખ આંસુથી ભરી, છાની રહે છબિલી ગયો છેલ છેતરી,
કા ..હા કરી એહાલલાલ વ્હાલવિસરી, ઉંડેકુએ ઉતારી મુકી વનનેછરી,
ક્રોધમાંબોલાઇગયું રૂંધાંઇતીખરી, પ્રપંચએનો રચ્યોહેલોજા ધ્યેનદાજરી,
અકળાઇઆઇ ઝેરખાઇ જઇશહું મરી, હાયહાય લાલમારો લેઇગઇ હરી.

કાશીઓ—[બેડો બાઇ બુડતો તારોરે એ રાહ]
અરે દુઃખ આ ક્યાં ઉચારૂંરે બળે ભડકે મન મારૂંરે [એ ટેક]
પરણ્યા વિના પારકા પતિ સાથે, રમીએ હરનિશ રંગ,
જોબન જાતાં જતાં રહે વેગળા, સ્વારથીયા તજી સંગ. અરે.
કુ—સુમતિવિલાસથી સ્નેહ કરીને, વરજ્યો વેશ્યાનો વેપાર,
એ ભરવાડીને ભાળી લોભાણો, તમને કર્યો તિરસ્કાર. અરે.
ગુણી દુઃખ આવું તમારૂંરે: બળે મનડું પણ મારૂં રે—એ ટેક.
કા—ભરવાડી નહિ હતી ભામની એમની ભોળવી ગઇ ભરતાર,
વધી વિચિત્રાણુતા વાણીઅણની ગણિકા ગણાઇ ગમાર અરે.
કુ—પ્હેલું કહ્યું તું મેં વાણીયા સ્વાર્થી, સમજ્યા વિત્યા પછી સહુ,
શોક તજો મળશે મહી મંડળ, એના જેવા બીજા બહુ. સુણી.
એક મુકી બીજો કરીએ વળી, બીજો મુકી ત્રીજો ભરતાર;
એમ અનેક ધણી કરીએ, એતો આપણો છે કુળાચાર સુણી.
કા—ધિક્ કુળાચાર આપણો એવો, સ્વામીનો જ્યાં ન સુમાર,
યાર બોલાવા બજારમાં બેસવું, લાજ મળે ન લગાર. સુણી.
ચોર જુગારી ઉચક્કાઓ આપણી, પ્રિતિ કરે બેસી પાસ,
આપણોને વળી આપણા યારનો વિશ્વ ન કરે વિશ્વાસ. અરે.
ભોળવી કંઇકને ભસ્મ ચોળાવીએ, ધરીએ ન એકે ધર્મ,
હાય હઝારો હરામીની સાથે કરીએ નીચાં નિત્ય કર્મ. અરે.
કંઇક વેશ્યાઓને જીવથી મારે, છળ થકી છેતરી જેમ,
દુષ્ટ કોઇ દગો દઇને મારશે !!! આપણને પણ એમ, અરે.
ભભકો મારી ભલે ચૌટામાં ચાલો, ઝાલી ગુલાબના ગુચ્છ,
સદ્ગુણી માણસ સમજે વેશ્યાને, તરણા થકી પણ તુચ્છ-અરે.
ઓછી અક્કલની ઉત્તમ કુળની કંઇક નીચ પ્રસંગથી નાર,
વ્હાલા તજીને બને વારંગના વ્હાલો કરે વ્યભિચાર. અરે.

એતો ઘણું દુઃખ પામે આપણથી, જ્યારે જોબન તેનુ જાય,
કીડા પડે કાઢનાર જડે નહી, મરવાથી મડદું સુંથાય, અરે.
પરભવ પાપ કર્યા પરિપુરણ, આવ્યો વેસ્યા અવતાર,
આ ભવમાં પણ અધિક કરી અઘ, નરકે જવું નિરધાર. અરે.
વેરી ગણી વ્યભિચારીએ વરજી, પરણી થકી કરી પ્રેમ;
એક કોડી પણ મારી કને નથી, કેને હવે કરૂં કેમ અરે.
કપુર—મારી બાઈ મનમાં ન મુઝાશો, સ્નેહ રહેજો મમ સાથ,
વેસ્યા વેપાર પ્રપંચ બધો તજી જપશું હવે જગનાથ. સુ૦

પ્રવેશ. ૬ ઠો.

સુગુ— વ્હાલાજીની વાટડી અમે જોતાં, (એ રાહ)
લીલાવતી નાથ નિજ ઘર લાવીરે, ગણિકાને ગોથું ખવરાવી લી, ટેક.
મળીએ આવ્ય વહાલી સખી મારીરે, માત તાતની શોભા વધારીરે
કીરતિ પ્રસરી જગ તારી લીલા.
બહુ રૂડા માબાપની બેટીરે, હતી છેલ છબીલાથી છેટીરે-
ભરથાર થકી ભલે ભેટી, લીલા
લી—સખી શરીરે તો છે સાજી તાજીરે, મારા સુખમાંછે માતપીતાજીરે
સુગુ—સારો દિવસ સુણી થયા રાજી, પ્યારી સખી પીયર પનોતી-
પધારોરે, સૈયર વર્ગનો હર્ષ વધારો—પ્યારી—ટેક
સર્યો ખોળો સંસારની રીતિરે, હું શ શિયળ પ્રભાવથી વીતીરે,
લીલા—વાયણાં જમી વાટ જોતીતી, જમવા ઉઠ્યા પિયર હવે હુતો
આવુંરે, માત તાતને શીશ નમાવું જમવા—ટેક.
મને આજ્ઞા સાસુજીએ આપીરે, પુછ્યું છે પતિને તથાપિરે,
જેની કરણાથી જશ રહ્યો વ્યાપિ, જમવા—

પ્રવેશ ૭ મો.

સુમતિ—બનઝારો, પ્રિય મિત્ર વિના હો ભાઇ (એ રાહ)

હું વિષય અંધ અવિચારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી;
આચાર કરી નિજ અળગો, વેશ્યા વાઘણને વળગ્યો,
મારી બુદ્ધિ થઇ મારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી,
મરકટવત્ મને રમાડી, ઉજ્જવળ કુળ એબ લગાડી;
એ વેશ્યા હવે વિચારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી
બહુ મોટા ઘરની બાળા, એ મનહર ગુણ મણિમાળા;
મુજ માટે થઇ ભિખારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી,
અગણિત હરિ દ્રવ્ય અમારૂં, તેં ભર્યું હતું ઘર તારૂં:
ધિઃક ગણિકા વિષય વિકારી, સદ્‌ગુણી પ્રિય સુખકારી.
વેશ્યાને ભીખ મગાવી, એથી અધીકુ ધન લાવી,
તું પ્રેમ બતાવી પ્યારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી;
મેં માત પિતા અપમાની, તજી બીક બધી દુનિયાની;
હું કાગ દ્રાખ ધિકારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી;
મમ સમ જે કુકર્મ કરશે, કદી મોત વગર તે મરશે;
કૈંક શુળી ચડ્યા વ્યભિચારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી.
વેઠ્યું વિયોગ વારૂ તું ગઇ સુઆવડ સારૂ;
આજ્ઞા માગીને મારી, સદ્‌ગુણી પ્રિયા સુખકારી,
વ્હાલીએ વંશ વધાર્યો, આહા! પુત્ર પ્રસવીયો પ્યારો;
આ ખબર લખી ખુશકારી, સાકર વંચાવું સારી;

પ્રવેશ ૮ મો.

લીલા— માત જસોદા ઝુલાવે. એ રાહ

પ્રેમે પોઢ્યા ઓ કુળદિપક મારા પ્યારા;
નિરખું હરખું તુજને લાડક લાખ લાખ,

કાજળ આંજેલી અણિઆળી લાગે આંખડી;
તારા ગોરા ગોરા ગુલાબ સરખા ગાલ;
આલોલોલો હાલો હાલો વ્હાલા વીરવિલાસને એ ટેક,
નાનકડા રજ મોટા થાઓ નિશાળે મુકીએ;
ભણીશ તો પરણાવીશ ગોરી વહુ ગુણખાણ;
હમણાં આવીને બાપાજી તારા તેડશે;
જાગ્યા જાગ્યા જાગ્યા જાગ્યા જીવણ પ્રાણ—આલો૦

સુમતી— કૃપા કરજોરે દેવ મુનિ—એ રાહ

ભાઈ જાગ્યા કે, હજુ સરકાર ઉંઘે છે;

લી— આવો તેડોને જુઓ તમ સામુ જુએ છે;

સુ— શું આજ ઉઠયા ઉલાસે, આવો શેઠ અમારી પાસે;
મુછ પકડી વીરવિલા, કર્યું, કુંકરે હલ તારૂં ભલુ થય ગાંડા
મારાં ચોખાંરે લુગડાં અસ્યા તેં બગાડયાં;

ચતુર્થ અંક સમાપ્ત.

અંક ૫ મો.

પ્રવેશ ૧ લો.

સુમતી— (ઝુલણાછંદ ભેરવી પાસ શંખેશ્વરા (એ રાહ)
વીરવિલાસનું લગ્ન કર્યું મગ્ન થઈ, વાવર્યું વિત્ત જશ ખુબ વાધ્યો,
આધિવ્યાધિ ટળે જેથી મુક્તિ મળે, કર્મ ત્યજી પર્મ નહીં ધર્મ સાધ્યો;
સર્વ સુખ કરણ આચાર્ય ઉપદેશ છે, ચરણ વંદન કરી ચરણ માગુ;
ઓધઅધહરણ મુનિ લેહ તારણ તરણ, શરણ કરી ગ્રહણ સંસાર ત્યાગુ
આજને કાલ કરતાં ગયો કાળ બહુ, આળપંપાળ આ માલ માયા;
હાલ બેહાલ થઈ કાળ કરવો પડે, કાળની જાળમાં જે ઝલાયા;
રામ રાવણ પ્રમુખ રિદ્ધિ મુકી ગયા, જગતમાં એમ સૌ જાય નાગુ

ઓઘઅઘહરણ મુનિ તેહ તારણ તરણ, શરણ કરી ગ્રહણ સંસારત્યાગું;
ધિ:ક સંસાર સુખ નરકમાં, ગરક થઇ, આંખ ઉઘાડી ઉંચુ ન જોયું.
અર્થ ઉપાર્જવા અર્થ અળગો કરી, આટલુ આઉખું વ્યર્થ ખોયું;
શુદ્ધ શ્રદ્ધા થઇ ન્યુનતા નવ રહી, આજ મમ પુર્વનું પુન્ય જાગ્યું.
ઓઘઅઘહરણ મુનિ તેહ તારણ તરણ, શરણ કરી ગ્રહણ સંસારત્યાગું;

પ્રવેશ ૨ જો.

લીલા— **(રામકળી)** શ્રીરે સિદ્ધાચળ ભેટવા એ રાહ)

ધર્મઘોષ સુરીશ્વરજીને, વીરા વંદવા જઇએ;
સુદ્ ઉપદેશ સુધા સમો, સુણતાં સુખ લઇએ ધર્મ૦
પરભવના પુન્ય ઉદયથી નયણે નીગ્રંથ નીરખ્યા;
ભવ્ય કમળ પ્રતિબોધવા, સુરી સુરજ સરખા, ધર્મ૦

વી—માજી મુનિવર વંદવા, આજ હું પણ આવું;
કરજોડી વીનતી કરી, ઘેર વ્હોરવા લાવુ, માજી૦

પ્રવેશ ૩ જો.

લી— (નાથ કૈસે ગજકો બંધ છોડાયો એ રાહ.)

સુરી મુખ સાંભળી શ્રીજીન વાણી,જુઠી મને જગતની માયા જણાણી,સુ
વડ બીજ માફક કર્મ વધે છે, પાપ કરો નહી પ્રાણી;
પરભવ પોપટ પાંજરે પુરી, કીધી મે કર્મ કમાણી. સુરી૦
પોપટડી સાડી બાર ઘડી સુધી, દીલમાં વિજોગે દુભાણી;
એથી હું તો સાડાબાર વર્ષ લગે, વિરહના ભાલે વિંધાણી. સુરી૦
કર્મ વિટંબના પરભવ કેરી આ, જાતી સ્મરણ થકી જાણી,
દંપતિ દીક્ષા ગ્રહણ હવે કરશું, પરણવા શિવ પટરાણી. સુરી૦

વીર—(મને મુકી ગયા છે મારો છેલડારે, એ રાહ)

અરે મુજને મુકીને આમ એકલોરે, થશો સાધુજી તમે શું ખરેખાત;
માત તાત મારી શી વલે થશે વીચારીએરે એ ટેક

શીરછત્ર તીર્થરૂપ હો હું ઠોકરૂ રે, વેઠી શકીશ કેમ વિરહ વજ્ર ત.પાત—
ખુશી દેખીને મને તમે ખુશી થતા રે મને દુખી દેખી કરતાં અશ્રુપાત માત—
કદી મોડું થતું આવતા નિશાળથી રે, વાળુ વખત ચિંત કરતાં વજ્રાપ.પાત—
પિતાવિના મને કોણ સમજાવશે રે, ભાઇભાઇ કહી લોક રીતભાત માત—
હજુ દિલ ધાર્યું મેં નથી દુકાનમાં રે, ગુપ્ત કરી કયાં વેપારતણી વાત.માત—

ઢાં—કુસકાંસઇને આમરડનું ગાચા દીકર.રેનને સોભતુનથી અરે સુજાણ
મારા પ્રાણ સંજમ લેવાની આપ સમતિ રે. (એ ટેક)
સુખદાઇ સદા શ્રાદ્ધધર્મ સાધજો રે, સુણજો રાગસહિત વિતરાગવાણ, મા;

વીર—   (જફાવા સીતમકું સજાવાર હુ એ રાહ)
વિનય મુકીને માત સાથે વઢયો, હઠીલાઇથી હુ તમોને નડયો;
કદી તોય તેં રીસ મા નહીં કરી, મને સુખ માટે દુ:ખી થઇ ખરી.
પિતાજી ઉછાળી હશે પાઘડી હસી કાઢતાં હેતથી હરઘડી;
મને પાળી પોષી ભણાવ્યો ભલુ, કૃપાળુ પિતાજી કહું કેટલું.

સુ—સુકૃત કરના હોયસો કરલે (એ રાહ) ભેરવીમાં પણ ગવાય છે.
સ્વાર્થીઓ સંસાર અરે આ સ્વારથીઓ સંસાર;
અમે થશું અણગાર, અરે આ સ્વારથીઓ સંસાર.   ટેક
ધોરી કાંધે ધરી ધુંસરૂ, વહે જ્યાં સુધી ભાર,
નિજ ગરજે ધરત પાય પરાણે, પછી નીરે નહીં ચાર.   અરે.
કમાય ત્યાં સુધી કહે કાકા, પુત્રાદિક પરિવાર;
ડોસા કહી દરકાર કરે નહિ વૃદ્ધ બને જે વાર.   અરે.
સાવધાન દિસે સ્વારથમાં, નિજ નિજના નરનાર,
ગરજે બાપા કહે ગરધવને, મારે ટાણે માર.   અરે.
મ્હોટા મ્હોટા મ્હેલ બનાવી, કરી બાગમાં બ્હાર;
માલ મતા ધન દોલતમાંથી, લેશ ન આવે બ્હાર.   અરે.
તુજ અરથે મેં અરથ ઉપાર્જ્યું, કરી વિવિધ વ્યાપાર,

वीरविलास तने परणाव्यो हवे थशो हुशियार. अरे.
समां सबंधी सरव नकामां, अंते अलग थनार;
पुन्य पाप बांधीने पल्ले, जन्तु तेह जनार अरे.
श्रद्धा सहित जीन धर्म पाळजे, निज शक्ति अनुसार;
नित्य नेहथी स्तवजे श्रीजीन, मंगळ सुख दातार.
एथी तुज सफळ मनुष्य अवतार, अमे श्युं अणगार एथी.

पंचम अंक समाप्त.

कळश

सर्व पात्रो—धनाश्री विनती धरजो ध्यान. त्रिताळ धीमो)
नाटक नवीन रसाळ रसिक रच्युं नाटक नवीन रसाळ ए टेक.
सुमतीविलास लीलावती—सुंदर, दंपति अती सुकुमाळ
संजम पाळी सुरगति साधी, नरक तीर्यंच गती टाळ. रसिक—
एकावतारी ए नरनारी, वंदु भाव विशाळ;
धन धन भविजन जे शुद्ध संजम, आराधे उजमाळ. रसिक—
श्री जीन उत्तम शिष्य पद्मना, रुप **कीर्त्ति** कृपाळ;
तास शिष्य **उद्दयोतविजय पं०** गीतारथ गुणमाळ; रसिक—
ते मुनिना **शिवराम** थया शिष्य, गुरु आणा प्रतिपाळ
तेह पिता गुरु पाय पसाये, टुटी जड मति जाळ; रसिक—
विक्रम संवत्सर ओगणीशत, त्रेताळीशनी साल.
वडतपगच्छमां राजसुरिश्वर, राजे ठाकठमाळ. रसिक—
श्रोता सद्दगुणी भुल जो भाळो, करशो माफ मयाळ;
स्नेह सहित नाटक निरखंतां, संघमां मंगळमाळ. रसिक—
अणहिलपुर पाटणनो वतनी, राजनगर रहुं हाल;
जैनशाळामां जैन अध्यापक, शिवपुत्र केशवलाल. रसिक—

संगीत लीलावती नाटक पंचाकी समाप्त.